


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 176
Dt.: 09-03-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


# ઈરાને અમેરિકાની નેવી ફ્લીટ પર ફેંક્યા બોમ્બ, ૨૧ સૈનિકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાન અને અમેરિકા વચ્ચેનું યુદ્ધ શાંત થતું દેખાઈ રહ્યું નથી, હવે તે વધુ ઉગ્ર બની ગયું છે. ઈરાનના સશસ્ત્ર દળોએ દાવો કર્યો છે કે તેમણે બહેરીનમાં આવેલી અમેરિકાની ફિફ્થ નેવી ફ્લીટને નિશાન બનાવી છે. ઈરાનના દાવા મુજબ આ હુમલામાં ૨૧ અમેરિકન સૈનિકો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે. રિપોર્ટ અનુસાર, આ ઘટના ત્યારે બની જ્યારે વિસ્તારમાં તણાવ વધી રહ્યો હતો અને અમેરિકન નેવી તથા ઈરાની સૈન્ય વચ્ચે અથડામણ થઈ હતી. હુમલાના સમયે અનેક સૈન્ય મથકો અને કેમ્પસને નિશાન બનાવાયા હતા, જેના કારણે ઈરાનના સૈનિકોને ભારે નુકસાન થયું.

ઈરાને બહેરીનની રાજધાની મનામાના જુફૈર વિસ્તારમાં આવેલી યુનાઈટેડ સ્ટેટ્સ નેવી ફિફ્થ ફ્લીટના મુખ્ય મથક પર તાજેતરમાં હુમલો કર્યો છે. ઈરાની મીડિયા દ્વારા એક વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં હુમલા પછી ત્યાં આગ લાગેલી દેખાય છે. અમેરિકાની આ ફિફ્થ ફ્લીટ નેવલ સપોર્ટ એક્ટિવિટી બહેરીનમાં આવેલી છે અને મધ્ય પૂર્વમાં અમેરિકાની સૌથી મહત્વપૂર્ણ સૈન્ય હાજરી માનવામાં આવે છે.

હવે જાણો અમેરિકાની ફિફ્થ ફ્લીટ વિશે

આ નેવી ફ્લીટ લગભગ ૨૫ લાખ ચોરસ માઈલ દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ કરે છે. તેમાં પર્શિયન ગલ્ફ, રેડ સી અને અરબ સાગરનો સમાવેશ થાય છે. મુખ્ય કામ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થતી વેપાર અને તેલ સપ્લાયને સુરક્ષિત રાખવું અને આંતરરાષ્ટ્રીય વેપારી જહાજોની સુરક્ષા કરવી છે. આ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગોમાંથી એક છે, જ્યાંથી વિશ્વના મોટા ભાગના તેલની હેરફેર થાય છે. સામાન્ય રીતે આ ફ્લીટમાં ૮૦૦૦થી વધુ નેવી સૈનિકો તૈનાત હોય છે, અનેક યુદ્ધપોત, એરક્રાફ્ટ કેરિયર, પનડુબ્બી અને ડ્રોન સિસ્ટમ્સ પણ સામેલ છે. ફિફ્થ ફ્લીટ કમ્બાઈન્ડ મેરિટાઈમ ફોર્સિસ નામના ૪૦થી વધુ દેશોના દરિયાઈ ગઠબંધન સાથે મળીને પણ કામ કરે છે. તેનો ઉદ્દેશ દરિયાઈ ડાકૂઓને રોકવા, આતંકવાદ સામે લડવું અને વેપારી જહાજોની સુરક્ષા કરવી છે. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ **IRGC**એ બેલિસ્ટિક મિસાઈલ અને શાહેદ-૧૩૬ ડ્રોનથી અહીં હુમલો કર્યો હતો. સેટેલાઈટ તસવીરો અને વીડિયો મુજબ બેઝમાંથી કાળો ધુમાડો ઉઠતો જોવા મળ્યો હતો. રિપોર્ટ અનુસાર, આ હુમલામાં રડાર સિસ્ટમ, સર્વિસ બિલ્ડિંગ અને સેટેલાઈટ કમ્યુનિકેશન સાધનોને ભારે નુકસાન થયું હતું.

અમેરિકન અધિકારીઓએ કહ્યું હતું કે હુમલાના સમયે સૈનિકો બંકરમાં હતા. વિસ્તારમાં વધતા તણાવ વચ્ચે ઓછામાં ઓછા ત્રણ અમેરિકન સૈનિકોના મોતની પુષ્ટિ થઈ હતી, જોકે બહેરીન બેઝ પર મોતની કોઈ પુષ્ટિ થઈ નથી.

ઈરાનનું કહેવું છે કે આ હુમલો અમેરિકાની અને ઈઝરાયલની સંયુક્ત કાર્યવાહી ઓપરેશન એપિક ફ્યુરીનો જવાબ છે. ઈરાનના જણાવ્યા મુજબ, આ ઓપરેશનમાં તેમના ઘણા વરિષ્ઠ નેતાઓને નિશાન બનાવાયા હતા. હુમલાથી પહેલાં પણ અમેરિકાએ વિસ્તારમાં પોતાની નેવીની તૈનાતી વધારી દીધી હતી. રિપોર્ટ અનુસાર, તૈનાત અમેરિકન નેવી ફ્લીટનો લગભગ એક તૃતીયાંશ ભાગ ઈરાનને રોકવા માટે આ વિસ્તારમાં મુકાયો હતો.

**ઈરાનનું કહેવું છે કે હુમલો અમેરિકાની અને ઈઝરાયલની સંયુક્ત કાર્યવાહી ઓપરેશન એપિક ફ્યુરીનો જવાબ છે**



## મધ્ય-પૂર્વમાં યુદ્ધના કારણે યુએઈમાં વસતા ભારતીયો માટે દૂતાવાસનું એલર્ટ: જાહેર કરી એડવાઈઝરી

### દુતાવાસે કહ્યું છે કે, ઘટના સ્થળો પર ફોટો કે વીડિયો બનાવવા ન જાવ, ફોટો અને વીડિયો અપલોડ ન કરો

(સંપૂર્ણ સમાચાર સેવા)અબુધાબી

અમેરિકા-ઈઝરાયલના ઈરાન પર હુમલા અને ઈરાન દ્વારા પડોશી દેશો પર આક્રમણને ધ્યાને રાખીને ભારત વિદેશમાં વસતા ભારતીયોની સુરક્ષા માટે એલર્ટ થઈ ગયું છે. સંયુક્ત આરબ અમીરાત **(UAE)**ના અબુધાબી સ્થિત ભારતીય દુતાવાસે ભારતીયો સામે ચેતવણી જાહેર કરી છે. દુતાવાસે કહ્યું છે કે, ઘટના સ્થળો પર ફોટો કે વીડિયો બનાવવા ન જાવ, ઘટનાઓના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયા પર પણ અપલોડ ન કરો. ઉલ્લેખનીય છે કે, અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સતત ૯ દિવસથી ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે. સતત ડ્રોન અને મિસાઈલો ઝિંકાયા બા ઈરાનની બદતર સ્થિતિ થઈ ગઈ છે, તો ઈરાન પણ વળતો જવાબ આપવાની સાથે પડોશી દેશો પર પણ હુમલાઓ કરી રહ્યું છે. યુદ્ધના કારણે મિડલ ઈસ્ટમાં ગંભીર સંકટ ઉભુ થઈ ગયું છે.

યુએઈ સ્થિત ભારતીય દૂતાવાસે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, કોઈપણ વ્યક્તિ ગેરકાયદે રીતે ઘટનાને કેમેરામાં રેકોર્ડ કરશે તો તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે. પ્રતિબંધીત વિસ્તારો અને એરપોર્ટની અંદર ફોટો ખેંચવાની મનાઈ છે. યુએઈમાં વસતા ભારતીયોની સુરક્ષા માટે તેમજ તેઓ કોઈ કાયદાકીય સંકટમાં ન ફસાય તે માટે દૂતાવાસે ભારતીયોને કડકાઈ રીતે નિયમોનું પાલન કરવા આદેશ આપ્યો છે. ભારતીય દૂતાવાસે કહ્યું છે કે, જો ચેતવણીનું એલર્ટ સંભળાય તો સુરક્ષિત સ્થળે જતા રહો, જ્યાં સઉધી આ એલર્ટ બંધ ન થાય ત્યાં સુધી સુરક્ષિત સ્થળે જ રહો. બહાર જવાનો પ્રયાસ બિલકુલ ન કરો. ફોટો અને વીડિયો ઉતારવાનો પણ પ્રયાસ ન કરો. ઘટના સ્થળનો ફોટો કે વીડિયો સોશિયલ મીડિયા પર શેર ન કરો. વિસ્ફોટ કે મિસાઈલના કારણે કોઈ નુકસાન થાય તો તેનો પણ ફોટો ન અપલોડ કરો.

જો તમારી આસપાસ વિસ્ફોટકો પડે અથવા શંકાસ્પદ પદાર્થ દેખાય તો તુરંત સક્ષમ અધિકારીને માહિતી આપો. જેથી તે વિસ્તારને સુરક્ષિત રાખવાના પગલા ભરી શકાય. આવા સ્થળોથી દૂર રહો અને કોઈપણ શંકાસ્પદ પદાર્થ પાસે જવું પણ ન જોઈએ અને તેને અડવું પણ ન જોઈએ.

જો ક્યાં પણ આવો કે જાવ તો એરપોર્ટની અંદરના ફોટો ન પાડવા અથવા વિડીયો રેકોર્ડ પણ ન કરવા.

વર્તમાન સ્થિતિ જોતા અબૂધાબી સ્થિત ભારતીય દૂતાવાસે **UAE**માં રહેતા અથવા તે દેશથી અન્ય સ્થળે જનારા તમામ ભારતીયોને અપીલ કરી છે કે, તેઓ સ્થાનિક કાયદો-વ્યવસ્થા અને યુએઈ અધિકારીઓ દ્વારા જાહેર કરાયેલા સુરક્ષા નિયમોનું કડકાઈથી પાલન કરે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને ઈઝરાયેલ છેલ્લા ૯ દિવસથી ઈરાન પર હુમલા કરી રહ્યા છે, તો બીજીતરફ ઈરાન પડોશી દેશોમાં અમેરિકન સૈન્ય અડ્ડાઓ પર પણ હુમલાઓ કરી રહ્યું છે. સંયુક્ત આરબ અમિરાત, કુવૈત, સાઉદી અરેબિયા અને બહેરીને કહ્યું છે કે, તેઓએ રવિવારે રાત્રે ઈરાની હુમલાઓને અટકાવ્યા છે. ઈરાને હોર્મુય જળમાર્ગ બંધ કર્યો અને આ જળમાર્ગ પાસે ક્રૂડ ઓઈલના પ્લાન્ટ હોવાના કારણે યુએઈ અને કુવેતે તે પ્લાન્ટ પરથી ઉત્પાદન ઘટાડી દીધું છે. આ યુદ્ધ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિ માસૂદ પેજેશકિયને સેનાને નિર્દેશ આપ્યા છે કે, જે દેશ ઈરાન પર હુમલો કરી રહ્યા નથી, તે દેશો પર ઈરાની સેના હુમલો ન કરે. આ સાથે તેમણે પડોશી દેશોની માફી પણ માંગીછે.

## મહિલા સશક્તિકરણની માત્ર વાતો! : ભારતમાં મહિલા ઉમેદવારો માત્ર ૧૦ ટકા: ADR રિપોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ **(ADR)**એ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે દેશની વિધાનસભા અને લોકસભામાં મહિલા પ્રતિનિધિત્વ અંગેનો એક વિસ્તૃત અહેવાલ જાહેર કર્યો છે.

૧. ઉમેદવારીમાં ઉદાસીનતા: દેશભરમાં વર્તમાન લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં લડનારા કુલ ૫૧,૭૦૮ ઉમેદવારોમાંથી માત્ર ૫૦૯૫ (૧૦ ટકા) મહિલાઓ છે.

૨. પ્રતિનિધિત્વની સ્થિતિ: દેશભરના ૪,૬૬૬ સાંસદો અને ધારાસભ્યોમાંથી માત્ર ૪૬૪ એટલે કે ૧૦ ટકા મહિલાઓ છે, જે રાજકારણમાં મહિલાઓના ઓછા પ્રતિનિધિત્વને દર્શાવે છે.

૩. લોકસભા ૨૦૨૪: લોકસભા ચૂંટણી ૨૦૨૪ દરમિયાન કુલ ૮,૩૬૦ ઉમેદવારોમાંથી ૮૦૦ (૯.૬%) મહિલા ઉમેદવારો હતી, જ્યારે ૧૫૨ (૨૮%) બેઠકો પર એક પણ મહિલા ઉમેદવાર નહોતી.

૪. રાજ્યોની સ્થિતિ: વિધાનસભા ચૂંટણીમાં ૪૩,૩૪૮ ઉમેદવારોમાંથી ૪,૨૯૫ (૧૦%) મહિલા ઉમેદવારો હતી અને ૧૬૯૮ (૪૧%) બેઠકો પર એક પણ મહિલા ઉમેદવાર નહોતી. કોઈ પણ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીમાં ૧૫% થી વધુ મહિલા ઉમેદવારો નથી. દિલ્હી અને ઓડિશા (૧૪%) સાથે અગ્રેસર છે.

૫. ગુજરાતનું ચિત્ર: ગુજરાતમાંથી હાલમાં ૪ મહિલા સાંસદ લોકસભામાં છે અને વિધાનસભામાં ૧૪ મહિલા ધારાસભ્યો છે. ભાવનગરના નિમુબેન બાંભાણિયા **(BJP)** ૬૯.૭૦% વોટ શેર સાથે સૌથી મોટી જીત મેળવનારા મહિલાઓમાં સામેલ છે.

૬. ગુનાહિત ઈતિહાસ: ભારતમાં કુલ ૪૭૬ મહિલા સાંસદો/ધારાસભ્યોમાંથી ૧૨૭ (૨૭%) સામે ફોજદારી અને ૬૮ (૧૪%) સામે ગંભીર ફોજદારી કેસો નોંધાયેલા છે.

૭. સંપત્તિ : ૪૭૬ સાંસદ/ધારાસભ્યોમાંથી ૧૪ ( ૩ ટકા ) અબજોપતિ છે.

૮. શિક્ષણ : શિક્ષણની વાત કરીએ તો ૭૦% મહિલા સાંસદ/ધારાસભ્ય ગ્રેજ્યુએટ કે તેથી વધુ લાયકાત ધરાવે છે.

### ICEએ જશનપ્રીત સિંહને ક્રિમિનલ એલિયન ગણાવ્યો

## અમેરિકાના સેન ડિએગોમાં ભારતીય નાગરિકની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના સેન ડિએગોમાં ભારતીય નાગરિક જશનપ્રીત સિંહની અમેરિકન ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ **(ICE)**ના અધિકારીઓએ ધરપકડ કરી છે. અધિકારીઓએ તેને ક્રિમિનલ એલિયન એટલે કે ખતરનાક ગુનેગાર જાહેર કર્યો છે. આ ધરપકડ અંગેની માહિતી સેન ડિએગોની એન્ફોર્સમેન્ટ એન્ડ રિમૂવલ ઓપરેશન્સ યુનિટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આપી છે. અધિકારીઓએ જણાવ્યું કે, જશનપ્રીત સિંહ વિરુદ્ધ અનેક ગુનાહિત કેસ નોંધાયા છે. તેમાં ધમકી આપી લોકોમાં ડર ફેલાવવો, ઘાતક હથિયારથી હુમલો કરવો અને દારૂ પીધેલી હાલતમાં ડ્રાઈવિંગ કરવાના આરોપો સામેલ છે. હાલમાં તેને **ICE**ની કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે અને તેના વિરુદ્ધ અમેરિકાથી ડિપોર્ટ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.કઈ પરિસ્થિતિમાં ધરપકડ થઈ, હજુ સ્પષ્ટ નથી. અમેરિકન અધિકારીઓએ જણાવ્યું કે, ઈમિગ્રેશન કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહી બાદ જ નક્કી થશે કે જશનપ્રીત સિંહને અમેરિકામાંથી પાછો મોકલવામાં આવશે કે નહીં. જોકે, હજુ સુધી સ્પષ્ટ થયું નથી કે તેની ધરપકડ કઈ પરિસ્થિતિમાં થઈ અને તેની આગામી કોર્ટ હિયરિંગ ક્યારે થશે. અમેરિકામાં જશનપ્રીત સિંહ નામ સાથે જોડાયેલો એક બીજો કેસ પણ ચર્ચામાં રહ્યો હતો. ગયા વર્ષે કેલિફોર્નિયામાં આ જ નામના ૨૧ વર્ષના ભારતીય મૂળના ટ્રક ડ્રાઈવરનો મોટો રોડ અકસ્માત થયો હતો, જેમાં ત્રણ લોકોના મોત થયા હતા. આ કેસમાં શરૂઆતમાં ટ્રક ડ્રાઈવર પર દારૂ પીધેલી હાલતમાં વાહન ચલાવવાનો આરોપ મૂકાયો હતો. જોકે, પછી આવેલી ટોક્સિકોલોજી રિપોર્ટમાં સાબિત થયું કે અકસ્માત સમયે તેના લોહીમાં દારૂ કે કોઈ નશીલા પદાર્થના અંશ નહોતા. ત્યારબાદ તેના પરથી ડ્રૈંનો આરોપ હટાવી દેવામાં આવ્યો હતો.

જોકે, પ્રોસિક્યુટર્સે એ કેસમાં ત્રણ લોકોના મોત માટે ગ્રોસ નેગ્લિજન્સ સાથે વાહનથી અજાણતા હત્યા અને હાઈવે પર બેદરકારીથી વાહન ચલાવવાના આરોપો મૂક્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માત ત્યારે થયો હતો જ્યારે ટ્રક ડ્રાઈવર સમયસર વાહન રોકી શક્યો નહોતો અને એક વાહન સાથે અથડાયા બાદ અનેક વાહનોને અડફેટે લીધા હતા.

### ઈરાની રાષ્ટ્રપતિએ ટ્રમ્પને આપી 'અંતિમ ચેતવણી'

## હવે આરપારની જંગ, "તમારું સપનું કબરમાં જશે પણ ઈરાન નહીં નમે"

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈઝરાયેલ અને અમેરિકા સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિ ડૉ. મસૂદ પેઝેશ્કિયને ટ્રમ્પને અત્યંત કડક મેસેજ આપ્યો છે. પેઝેશ્કિયને ટ્રમ્પનું નામ લીધા વિના કહ્યું કે, "ઈરાન પોતાના દેશની માટીનો એક ઈંચ પણ કોઈને લેવા દેશે નહીં." રવિવારે એક ઈન્ટરવ્યુમાં રાષ્ટ્રપતિ પેઝેશ્કિયનએ જણાવ્યું હતું કે, ઈરાન પોતાની પ્રાદેશિક અખંડિતતાની રક્ષા માટે કોઈપણ ભોગે તૈયાર છે. તેમણે કહ્યું કે, "ઈરાન પોતાના દેશની માટીનો એક ઈંચ પણ છોડશે નહીં. ગમે તેટલા પડકારો આવે, અમે અમારી સંપ્રભુતા અને પ્રાદેશિક અખંડિતતાની રક્ષા કરીશું."

તેમનું આ નિવેદન અમેરિકા-ઈઝરાયેલ દ્વારા ચલાવવામાં આવી રહેલા યુદ્ધ વચ્ચે આવ્યું છે, જેમાં ઈરાન પર મોટાપાયે હવાઈ હુમલા થઈ રહ્યા છે અને તેહરાનની સૈન્ય ક્ષમતાઓને નિશાન બનાવવામાં આવી રહી છે.

પેઝેશ્કિયને જણાવ્યું હતું કે, ઈરાન આક્રમક નથી પરંતુ રક્ષણાત્મક સ્થિતિમાં છે. તેમણે પડોશી દેશોને ખાતરી આપી હતી કે, ઈરાન પ્રાદેશિક શાંતિ ઈચ્છે છે પરંતુ જો કોઈ દેશ અમેરિકન કે ઈઝરાયેલના હુમલાઓ માટે પોતાની ધરતીનો ઉપયોગ કરવા દેશે, તો ઈરાન વળતો પ્રહાર કરવામાં જરાય અચકાશે નહીં. આ નિવેદન તાજેતરની ઘટનાઓના સંદર્ભમાં ઘણું મહત્વનું છે, જ્યાં ઈરાને અખાતી દેશો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા પરંતુ પેઝેશ્કિયને અગાઉ માફી માંગી હતી તેમજ હુમલા રોકવાનું વચન આપ્યું હતું. પેઝેશ્કિયને કહ્યું હતું કે, જ્યાં સુધી તે દેશો તરફથી હુમલો નહીં થાય, ત્યાં સુધી ઈરાન પડોશી દેશો પર હુમલો કરશે નહીં. મળતી માહિતી મુજબ, રાષ્ટ્રપતિએ ઈરાની જનતાની એકતાની પ્રશંસા કરી અને કહ્યું કે, દુશ્મનો ઈરાનના આત્મસમર્પણના સપનાને પોતાની સાથે કબરમાં લઈ જશે. તેમણે આંતરરાષ્ટ્રીય કાયદા અને માનવાધિકારોનો હવાલો આપીને આક્રમણખોરોની ટીકા કરી હતી. આ નિવેદન ઈરાનની "પ્રાદેશિક અખંડિતતાની મજબૂત રક્ષા" કરવાની નીતિને ફરીથી દોહરાવે છે. પેઝેશ્કિયન પહેલા ઈરાનના સેના પ્રમુખ અને બીજા નેતાઓએ પણ આ જ વાત કહી હતી.

## બંગાળમાં રાષ્ટ્રપતિનું અપમાન? : પ્રોટોકોલ ભંગ મામલે ગૃહ વિભાગે માંગ્યો રિપોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળની મુલાકાતે ગયેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના પ્રોટોકોલ ઉલ્લંઘન મામલે કેન્દ્ર સરકાર અને મમતા બેનરજી સરકાર સામસામે આવી ગઈ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ સમગ્ર ઘટનાની અત્યંત ગંભીર નોંધ લઈને પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ પાસે વિગતવાર ખુલાસો માંગ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર, કેન્દ્રીય ગૃહ સચિવે રાજ્ય સરકારને લખેલા પત્રમાં પ્રોટોકોલનો અભાવ, સુરક્ષા વ્યવસ્થામાં ક્ષતિ અને કાર્યક્રમના સ્થળમાં કરાયેલા ફેરફાર અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. આ મામલે જવાબદાર એવા દાર્જિલિંગના ડીએમ, સિલિગુડીના પોલીસ કમિશનર અને એડીએમ સામે કાર્યવાહીની પણ શક્યતા છે.

રાષ્ટ્રપતિના પ્રવાસ દરમિયાન સુરક્ષા અને મર્યાદાના અનેક નિયમોના ભંગના આક્ષેપો થયા છે. પ્રોટોકોલ મુજબ રાષ્ટ્રપતિના આગમન સમયે મુખ્યમંત્રી, મુખ્ય સચિવ કે ડીજીપી હાજર હોવા જોઈએ, પરંતુ અહીં માત્ર સિલિગુડીના મેયર જ હાજર હતા. રાષ્ટ્રપતિ માટે અનામત રખાયેલા શૌચાલયમાં પાણીની વ્યવસ્થા નહોતી અને વહીવટી માર્ગ કચરાથી ભરેલો જોવા મળ્યો હતો. રાષ્ટ્રપતિના સચોટ રૂટની માહિતીનો અભાવ અને વ્યવસ્થામાં અન્ય ખામીઓ સુરક્ષાની દ્રષ્ટિએ ગંભીર ગણવામાં આવી છે. ઉત્તર બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં આયોજિત નવમા આંતરરાષ્ટ્રીય સંથાલ સંમેલનના સ્થળમાં છેલ્લી ઘડીએ ફેરફાર કરાતા રાષ્ટ્રપતિએ પોતે નારાજગી વ્યક્ત કરી હતી. મૂળ કાર્યક્રમ બિધાનનગર (ફાંસીદેવા)માં યોજાવાનો હતો, પરંતુ રાજ્ય પ્રશાસને તેને બાગડોગરા નજીક ગોશાયપુરમાં ખસેડ્યો હતો. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે નવું સ્થળ એટલું નાનું હતું કે હજારો આદિવાસી ભાઈ-બહેનો તેમાં હાજરી આપી શક્યા નહીં.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સિલિગુડીના ફાંસીદેવા ખાતે યોજાયેલા સંમેલન માટે પસંદ કરાયેલા સ્થળના કદ અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે, 'સંમેલન માટે પસંદ કરેલું સ્થળ ખૂબ નાનું હતું, જ્યાં ૫,૦૦૦ લોકો માટે પણ પૂરતી જગ્યા નહોતી. બિધાનનગર મેદાન જેવા મોટા સ્થળો ઉપલબ્ધ હોવા છતાં આટલી નાની જગ્યા કેમ પસંદ કરાઈ? જો મોટું મેદાન હોત તો લાખો સંથાલ ભાઈ-બહેનો ભાગ લઈ શક્યા હોત.

મમતા બેનરજી મારી નાની બહેન સમાન છે, મને નથી લાગતું કે તે મારાથી ગુસ્સે હોય, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમ માટે આવી વ્યવસ્થા કેમ?'




# તંત્રી લેખ......

## વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી, મહિલાઓના અધિકારો પર ધ્યાન

વિશ્વભરમાં દર વર્ષે ૮ માર્ચે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ઉજવવામાં આવે છે. આ દિવસ મહિલાઓના સન્માન, તેમની સિદ્ધિઓની કદર અને સમાજમાં લૈંગિક સમાનતા વધારવા માટે ખાસ મહત્વ ધરાવે છે. મહિલાઓએ સમાજ, અર્થતંત્ર, શિક્ષણ અને રાજકારણ જેવા અનેક ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે, અને આ દિવસ તેમના પ્રયત્નોને માન્યતા આપવા માટે સમર્પિત છે.

આ દિવસે શાળાઓ, કોલેજો, ઓફિસો અને વિવિધ સંસ્થાઓ દ્વારા મહિલાઓના સશક્તિકરણ અંગે કાર્યક્રમો, સેમિનાર અને જાગૃતિ અભિયાનો યોજવામાં આવે છે. મહિલાઓને સમાન વેતન, શિક્ષણ અને તકો મળી રહે તે માટે સમાજમાં જાગૃતિ ફેલાવવાનો પણ આ દિવસનો મુખ્ય હેતુ છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો ઈતિહાસ પણ ઘણો રસપ્રદ છે. ૨૦મી સદીની શરૂઆતમાં અમેરિકા અને યુરોપમાં મહિલાઓના અધિકારો માટે થયેલા શ્રમિક આંદોલનોમાંથી આ દિવસની શરૂઆત થઈ હતી. ૧૯૦૯માં અમેરિકાની સોશ્યાલિસ્ટ પાર્ટીએ પ્રથમ વખત મહિલા દિવસ ઉજવ્યો હતો. ત્યારબાદ ૧૯૧૦માં કોપનહેગનમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય પરિષદમાં આ દિવસને વૈશ્વિક સ્તરે ઉજવવાનો વિચાર રજૂ થયો.

૧૯૧૭માં રશિયામાં મહિલાઓએ યુદ્ધ અને અસમાનતા સામે ઐતિહાસિક હડતાળ કરી, જેના પરિણામે તેમને મતાધિકાર મળ્યો. જુલિયન અને ગ્રેગોરિયન કેલેન્ડરના અંતરના કારણે તે દિવસ ૮ માર્ચ તરીકે ઓળખાયો અને ત્યારથી વિશ્વભરમાં આ તારીખે મહિલા દિવસ ઉજવવાની પરંપરા શરૂ થઈ.

૧૯૭૫માં સંયુક્ત રાષ્ટ્ર સંઘે મહિલા વર્ષ જાહેર કરીને પ્રથમ વખત આ દિવસને સત્તાવાર રીતે ઉજવ્યો હતો. ત્યારબાદ ૧૯૭૭માં યુએન જનરલ એસેમ્બ્લીએ તમામ સભ્ય દેશોને ૮ માર્ચને મહિલા અધિકાર દિવસ તરીકે માન્યતા આપવા અપીલ કરી.

મહિલા દિવસનો મુખ્ય હેતુ સમાજમાં મહિલાઓના અધિકારો અંગે જાગૃતિ લાવવો, તેમની સામે થતા અન્યાયનો વિરોધ કરવો અને તેમને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા પ્રેરિત કરવો છે. આજના સમયમાં પણ ઘણી મહિલાઓ સમાન અધિકાર માટે સંઘર્ષ કરી રહી છે, તેથી આ દિવસ સમાજમાં સમાનતા અને ન્યાયની ભાવનાને મજબૂત બનાવે છે.

વર્ષ ૨૦૨૬ માટે મહિલા દિવસની થીમ રાખવામાં આવી છે. આ થીમનો અર્થ એ છે કે જ્યારે આપણે કોઈને મદદ કરીએ, સહયોગ આપીએ અથવા સમાજ માટે યોગદાન આપીએ ત્યારે અંતે સમગ્ર સમાજને તેનો લાભ મળે છે. આ વિચાર લોકોમાં ઉદારતા અને સહકારની ભાવના વિકસાવવા માટે પ્રેરિત કરે છે.

આ રીતે, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ માત્ર ઉજવણીનો દિવસ નથી, પરંતુ મહિલાઓના સંઘર્ષ, તેમની સફળતાઓ અને સમાન અધિકારો માટેની લડતને યાદ કરવાની એક મહત્વપૂર્ણ તક છે. આપણા શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે "નારી તુ નારાયણી", એટલે કે સ્ત્રીમાં દૈવી શક્તિ વસે છે. આ વિચારધારા દર્શાવે છે કે સ્ત્રીનું સન્માન અને સશક્તિકરણ સમાજની પ્રગતિ માટે અનિવાર્ય છે.

## હાપા ઈન્ડસ્ટ્રીયલ એરિયાની મસાલા ફેક્ટરીમાં આગ: ૩૫ ટન મરચાનો જથ્થો બળીને ખાખ

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર નજીક હાપા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી મધુસુદન મસાલા નામની ફેક્ટરીમાં રવિવારે અકસ્માતે આગ લાગી હતી, અને આશરે ૩૫ ટન જેટલો મરચાનો જથ્થો સળગી ઉઠ્યો હતો. ફાયર વિભાગની ટુકડીએ ભારે જહેમત લઈને પાણીના ત્રણ ટેન્કરો વડે આગને કાબુમાં લઈ લીધી હતી, જેથી ફેક્ટરીની મશીનરી બચી ગઈ હતી.

જામનગરના વેપારી હિરેનભાઈ કોટેચા વગેરેની માલિકીની હાપા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી એક ફેક્ટરીમાં બહારના ભાગમાં આશરે ૩૫ ટન જેટલો સુકા મરચાનો જથ્થો રાખવામાં આવ્યો હતો, જ્યાં કોઈપણ રીતે આગ લાગી હતી. જે આગ જોતજોતામાં ફેલાઈ ગઈ હતી, અને મરચાનો વિશાળ જથ્થો સળગી ઊઠતાં ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા, તેમ જ ખૂબ જ આંખોમાં બળતરા થાય તે પ્રકારનું વાતાવરણ બની ગયું હતું. આગના આ બનાવ અંગેની ફાયર વિભાગને જાણ કરાતાં ફાયર જવાનોને ઘટનાસ્થળે દોડી ગયા હતા અને અલગ-અલગ ત્રણ ફાયર ટેન્ડરની મદદથી આખરે સવા કલાકની જહેમત લઈને આગને કાબુમાં લઈ લીધી હતી. મરચામાં આગ લાગી હોવાથી તેનો ધુમાડો નીકળ્યો હતો અને આંખો બળે તેવી પરિસ્થિતિ હોવાથી ફાયર વિભાગના સ્ટાફે ખાસ પ્રકારના ડ્રેસ પહેરીને કામગીરી કરવી પડી હતી. સમયસર આગ કાબૂમાં આવી ગઈ હોવાથી કારખાનાની અંદરની મશીનરી વગેરેનો બચાવ થયો હતો. આગની આ ઘટનાને લઈને કારખાનેદારને લાખો રૂપિયાનું નુકસાન થયું છે અને આશરે ૩૫ ટન જેટલો મરચાનો જથ્થો ભસ્મીભૂત થયો છે. જેની સર્વેની કામગીરી ચાલી રહી છે.

સાબરમતીમાં મહિલા શક્તિનો પડઘો: આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર ઉત્કૃષ્ટ કાર્ય બદલ ૩૪ મહિલા કર્મચારીઓનું સન્માન

## મહિલા શક્તિનો અભૂતપૂર્વ સંગમ: અમદાવાદ મંડળમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી કરવામાં આવી

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ વિભાગે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬ નિમિત્તે સાબરમતીના કોમ્યુનિટી હોલ ખાતે એક ભવ્ય અને ગૌરવપૂર્ણ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ વર્ષની વૈશ્વિક થીમ 'ગિવ ટુ ગેઈન' ને અનુરૂપ, આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ઉદારતા, પરસ્પર સમર્થન અને મહિલા નેતૃત્વની શક્તિને પ્રોત્સાહન આપવાનો હતો.






વેસ્ટર્ન રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO), અમદાવાદના પ્રમુખ શ્રીમતી શેફાલી ગુપ્તાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ફક્ત ઉજવણી નથી, પરંતુ મહિલાઓનું સન્માન કરવાનો, તેમના સંઘર્ષો, સિદ્ધિઓ અને અધિકારોને યાદ કરવાનો એક મહત્વપૂર્ણ પ્રસંગ છે. તેમણે ભાર મૂક્યો હતો કે મહિલાઓ ફક્ત એક શબ્દ નથી, પરંતુ શક્તિ, પ્રેમ, બલિદાન અને ધીરજનું મૂર્ત સ્વરૂપ છે. માતા તરીકે, તે મૂલ્યો આપે છે, બહેન તરીકે, તે સ્નેહ વહેંચે છે, પત્ની તરીકે, તે જીવનમાં ટેકો આપે છે અને પુત્રી તરીકે, તે ઘરને ખુશીઓથી ભરી દે છે.

તેમણે કહ્યું કે ભારતીય રેલ્વે જેવા મોટા અને પ્રતિષ્ઠિત સંગઠનનો ભાગ બનવું એ ગર્વની વાત છે. ભારતીય રેલ્વે દેશની જીવાદોરી છે, અને તેને મજબૂત બનાવવામાં મહિલાઓની ભૂમિકા સતત વધી રહી છે. અમદાવાદ મંડળમાં માં, મહિલા રેલ્વે કર્મચારીઓ તેમના પુરુષ સાથીદારો સાથે ખભે ખભો મિલાવીને ઉત્તમ કાર્ય કરી રહી છે. આજે, મહિલાઓ લોકો પાઈલટ, એન્જિનિયર, સ્ટેશન માસ્ટર અને વહીવટી અધિકારીઓ તરીકે વિવિધ જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી રહી છે.

ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશે પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં જણાવ્યું હતું કે આજે મહિલાઓએ તેમની પ્રતિભા અને મહેનત દ્વારા સમાજની રૂઢિચુસ્ત માનસિકતામાં પરિવર્તન લાવ્યું છે. તેમણે ઉમેર્યુ હતું કે આજે, અમદાવાદ ડિવિઝનની મહિલા રેલ્વે કર્મચારીઓ ટ્રેન સંચાલનથી લઈને ટેકનિકલ અને એન્જિનિયરિંગ કાર્યો સુધીની વિવિધ ભૂમિકાઓમાં લોકો પાઈલટ તરીકે મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી રહી છે. આ દિવસ મહિલાઓના અધિકારો, શિક્ષણ અને સમાન કારકિર્દીની તકો પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

આ પ્રસંગે શ્રીમતી શેફાલી ગુપ્તા અને ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન વિવિધ વિભાગોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૩૪ મહિલા કર્મચારીઓને પ્રમાણપત્રો અને પુરસ્કારો આપીને સન્માનિત કર્યા. કાર્યક્રમ દરમિયાન, નરોડા (અમદાવાદ) સ્થિત શેલ્બી હોસ્પિટલના કન્સલ્ટન્ટ રેડિયોલોજિસ્ટ અને ઓન્કોલોજિસ્ટ ડૉ. પ્રિયંકા અલુરકરે મહિલાઓના સ્વાસ્થ્ય વિશે મહત્વપૂર્ણ માહિતી શેર કરી. તેમણે ખાસ કરીને સ્ત્રીઓમાં જોવા મળતા કેન્સર, જેમ કે સર્વાઈકલ અને સ્તન કેન્સર, તેના લક્ષણો, કારણો અને નિવારણના પગલાં વિશે વિગતવાર માહિતી આપી. તેમણે સમજાવ્યું કે સમયસર તપાસ અને યોગ્ય સારવાર દ્વારા આ રોગો મોટાભાગે અટકાવી શકાય છે. તેમણે મહિલાઓને નિયમિત આરોગ્ય તપાસનું સમયપત્રક બનાવવા અને જો તેમને કોઈ અસામાન્ય લક્ષણો દેખાય તો તાત્કાલિક તબીબી સલાહ લેવાની સલાહ આપી.

આ કાર્યક્રમમાં મહિલા રેલ્વે કર્મચારીઓ દ્વારા તેમની સાંસ્કૃતિક પ્રતિભાનું અદભુત પ્રદર્શન પણ જોવા મળ્યું. ગાયન, સમૂહ નૃત્ય, ક્વિઝ સ્પર્ધાઓ, સ્વ-રચિત કવિતાઓના પાઠ અને કવિતા દ્વારા, મહિલાઓએ તેમની સર્જનાત્મકતા અને ઉત્સાહ દર્શાવ્યો.

સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી સિદ્ધાર્થના માર્ગદર્શન હેઠળ અને કર્મચારી લાભ ભંડોળના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં કર્મચારી લાભ ભંડોળના અધિકારીઓએ હાજરી આપી હતી.

૩૦૦ થી વધુ મહિલા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જેના કારણે તે સફળ બન્યો હતો.

## અમદાવાદમાં મેચની ટીકીટોની કાળાબજારીનો ખુંખાર ખેલ, નાની માછલીઓ જેલ ભેગી: પોલીસની રહેમ નજરથી મગરમચ્છો મોજમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનારી ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલ મેચ ને લઈને ક્રિકેટ રસીકોમાં ભારે ઉન્માદ જોવા મળી રહ્યો છે. જો કે આ ઉત્સાહની આડમાં ટીકીટોની કાળાબજારી કરનારાઓ બેફામ બન્યા છે. એક બાજુ સાચા ક્રિકેટ ફેન્સ ટીકીટ માટે વલખાં મારી રહ્યા છે. તો બીજી તરફ કાળાબજારીયાઓ ટીકીટના મુળ ભાવ કરતા ૬ ગણા વધુ ભાવ વસુલીને તગડી કમાણી કરી રહ્યા છે. આ સમગ્ર કૌભાંડમાં પોલીસની શંકાસ્પદ ભુમિકા સામે પણ હવે આંગળી ચિંધાઈ રહી છે.

અમદાવાદ પોલીસે તાજેતરમાં એલીસબ્રીજ સહિતના વિસ્તારોમાંથી ટીકીટ બ્લેક કરતા ગણ્યા ગાંઠયા શખ્સોની ધરપકડ કરી હતી. પરંતુ ચર્ચા એવી છે કે પોલીસ માત્ર નાની માછલીઓને પકડીને સંતોષ માની રહી છે. જે મોટા માથાઓ હજારોની સંખ્યામાં ટીકીટો ડમ્પ કરીને બેઠા છે અને અંડરગ્રાઉન્ડ નેટવર્ક ચલાવી રહ્યા છે. તેમના સુધી પોલીસના હાથ કેમ પહોચતા નથી ? તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે. શું મોટા ગજાના કાળાબજારીયાઓ પર પોલીસની રહેમ નજર છે કે પછી તેમને રાજકીય રક્ષણ મળી રહ્યુ છે ? સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જે ટીકીટો સામાન્ય જનતા માટે ઉપલબ્ધ હોવી જોઈએ તે મોટા માથાઓ દ્વારા કોમ્પલીવમેન્ટ્રી (મફત) તરીકે વહેંચવામાં આવી રહી છે અથવા તો તેને ઉંચા ભાવે સેટીંગ કરીને બજારમાં ઉતારવામાં આવી રહી છે. રૂપીયા ૨ હજાર ની ટીકીટ ૧૫ હજાર કે તેથી વધુમાં વેચાઈ રહી હોવાના કિસ્સાઓ બહાર આવ્યા છે. સોશીયલ મીડીયાના માધ્યમથી ગુપ્ત રીતે થતા આ વ્યવહારોમાં મોટા મગરમચ્છોને પોલીસ કેમ છાવરી રહી છે. તેવો આક્રોશ સામાન્ય નાગરીકોમાં જોવા મળી રહ્યો છે.

દુર દુર થી મેચ જોવા આવેલા ચાહકોનુ કહેવુ છે કે ઓનલાઈન બુકીંગ મીનીટોમાં સોલ્ડ આઉટ થઈ જાય છે. પરંતુ બ્લેક માર્કેટમાં ગમે તેટલી ટીકીટો હાજર હોય છે. જો પોલીસ ખરેખર કડક તપાસ કરે તો આ મોટા રેકેટનો પર્દાફાશ થઈ શકે તેમ છે. હાલ તો એવુ લાગી રહ્યુ છે કે પોલીસ માત્ર દેખાડા ખાતરની કામગીરી કરીને આંકડાકીય સંતોષ માની રહી છે. જયારે અસલી ગુન્હેગારો હજુ પણ કાયદાની પકકડથી બહાર છે. ક્રિકેટ ના આ મહાપર્વમાં પારદર્શિતા જળવાવવી જોઈએ, પરંતુ ટીકીટોની કાળાબજારીએ રમતની ગરીમાને ઠેસ પહોચાડી છે. શું ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ મોટા મગરમચ્છો પર ત્રાટકશે કે પછી આ મેચ માત્ર વીવીઆઈપી અને કાળાબજારીઓના ભરોસે જ રમાશે ? મેચ જોવાની ઘેલછામાં અનેક લોકો ઉંચા ભાવે પણ ટીકીટ ખરીદવા મજબુર બન્યા છે. ટીકીટના કાળાબજારના જે આંકડાઓ બહાર આવ્યા છે તે ચોંકાવનારા છે. જે ટીકીટ ની મુળ કિંમત રૂપીયા ૨ હજાર છે તે સોશીયલ મીડીયા અને અન્ય માધ્યમો દ્વારા રૂપીયા ૧૫ હજાર સુધીમાં વેચાઈ રહી છે. લકઝુરીયર્સ પ્રેસીડેન્ટ ગેલેરીની ટીકીટના ભાવ તો રૂપીયા ૧.૫૦ લાખ જેવી અધધ કિંમતે બોલાઈ રહ્યા છે. એજન્ટોનુ માનવુ છે કે મેચ ના કલાકો જેમ નજીક આવશે તેમ આ ભાવમાં હજુ પણ તોતીંગ વધારો થવાની પુરેપુરી શકયતા છે. અમદાવાદમાં અત્યારે સત્તાવાર રીતે ટીકીટો ઉપલબ્ધ નથી, જેના કારણે કાળાબજારીયાઓ મેદાનમાં આવ્યા છે. આ એજન્ટોએ અગાઉ થી જ ટીકીટોનો સંગ્રહ કરી લીધો હતો અને હવે તે બજારમાં બ્લેકમાં વેચી રહ્યા છે. એક મીડીયા અહેવાલ અનુસાર એજન્ટો સાથેની વાતચીતમાં ખુલાસો બહાર આવ્યો હતો કે ટીકીટોના મુળ ભાવ કરતા ૬ થી ૧૦ ઘણા વધુ ભાવ લેવામાં આવી રહ્યા છે. ટીકીટ ના આ આસમાને પહોચેલા ભાવોને કારણે સામાન્ય ક્રિકેટ ચાહકોમાં ભારે નિરાશા જોવા મળી રહી છે. મધ્યમવર્ગના ચાહકો માટે સ્ટેડીયમમાં જઈને ફાઈનલ જોવી હવે આર્થિક રીતે મુશ્કેલ બની રહી છે. આમ છતાં ભારત અને ન્યુઝીલેન્ડ જેવી ટીમો વચ્ચેની ટકકર અને વર્લ્ડ કપ જીતવાની આશાને કારણે અનેક લોકો ગજવુ ખાલી કરીને પણ ટીકીટ મેળવવા મથામણ કરી રહ્યા છે. સ્થાનિક તંત્ર અને પોલીસ દ્વારા આવા કાળાબજારીયાઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ ઉઠી રહી છે. જેથી સાચા ક્રિકેટ ચાહકોને અન્યાય ન થાય.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા મોટો ફેરબદલ

## બાહોશ આઈએએસ અધિકારીઓને સોંપાયો ૬ મહાનગરપાલિકાનો ચાર્જ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતમાં હવે ૧ મે બાદ જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાશે તેવુ લગભગ ફાઈનલ છે. ત્યારે તે પહેલા જ માર્ચમાં રાજયભરની મહાનગર પાલિકાઓમાં ચૂંટાયેલા પક્ષના શાસનનો અંત આવી ગયો છે. ત્યારે સરકાર દ્વારા આ પાલિકાઓમાં વહીવટદારની નિમણૂંક કરવામાં આવી છે. જ્યાં સુધી ચૂંટણીમાં પદાધિકારીઓની નિમણૂંક નથી થતી, ત્યાં સુધી ગુજરાતની ૬ મહાનગરપાલિકાઓમાં વહીવટદારો વહીવટ કરશે. ચૂંટણી પાછી ઠેલાતા ૧૦ માર્ચથી વહીવટદારોનું શાસન પાલિકાઓમાં લાગુ થઈ જશે.

આગામી ૧૦ માર્ચથી ગુજરાતની ૬ મોટી મહાનગર પાલિકાઓમાં ચૂંટાયેલા પદાધિકારીઓનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. તેથી આ તમામ પાલિકાઓમાં વહીવટદારોની નિમણૂંક કરવામાં આવી છે. ગુજરાતની અનેક મહાનગર પાલિકામાં અવધી પૂર્ણ થતાં શાસનનો અંત આવ્યો છે. તેથી રાજ્યની છ મહાનગરપાલિકાઓની મુદત પૂર્ણ થતા ત્યાં વહીવટદાર શાસન લાગુ કરવામાં આવ્યું છે. આવામાં સ્થાનિક અનુભવ ધરાવતા અધિકારીઓની પસંદગી પર સરકારે ભાર મૂક્યો છે. અત્યંત અનુભવી અને સિનિયર આઈએએસ (ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ) અધિકારીઓને આ મહાનગરોની કમાન સોંપવામાં આવી છે.

કયા શહેરમાં કોણ વહીવટદાર

અમદાવાદ મહાનગર પાલિકામાં વહીવટદાર તરીકે અગ્ર સચિવ મુકેશ કુમારને મુકાયા

વડોદરા મહાનગરપાલિકામાં જીયુવીએનએલના એમડી શાલિની અગ્રવાલને ચાર્જ સોંપાયો

RMCમાં વહીવટદાર તરીકે રેમ્યા મોહનની નિમણુંક કરવામાં આવી

સુરતની જવાબદારી અગ્ર સચિવ મિલિંદ તોરવણેને સોંપાઈ

ભાવનગર મહાનગર પાલિકાની જવાબદારી સચિવ હર્ષદ પટેલને સોંપાઈ

ઉલ્લેખનીય છે કે, આગામી બે મહિના સુધી ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવાની કોઈ શક્યતા નથી. પરંતુ બીજી તરફ, ચૂંટાયેલા સભ્યોનો કાર્યકાળ ૧૦ માર્ચે પૂરો થઈ રહ્યો છે. આવામાં શહેરી વિકાસના કામ અટકે નહિ, તે માટે વહીવટદારોની નિમણૂંકનો સત્તાવાર આદેષ જાહેર કરાયો છે. જેને પગલે ૧૦ માર્ચથી અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર અને જામનગર માટે નવા વહીવટદારો નિમાયા છે. આ તમામ પાલિકાઓમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના તમામ રાજકીય હોદ્દેદારોની સત્તાઓનો અંત આવશે. આ બાદ ૧૦ માર્ચથી વહીવટદારો ચાર્જ સંભાળશે.

જ્યા સુધી ચૂંટણી ન થાય, અને નવું બોર્ડ ન રચાય ત્યાં સુધી આ વહીવટદારો જ ચાર્જમાં રહેશે. જેના માટે આઈએએસ અધિકારીઓની પસંદગી કરાઈ છે. મુખ્યમંત્રી કાર્યાલયથી આ આઈએએસ અધિકારીઓની પસંદગી કરાઈ છે, જેઓને અગાઉ મહાનગરપાલિકાના સંચાલનો બહોળો અનુભવ હોય.

ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) માટે નવો આદેશ છૂટ્યો છે. વરિષ્ઠ IAS અધિકારી મુકેશ કુમારને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એડમિનિસ્ટ્રેટર (વહીવટદાર) તરીકે નિયુક્ત કરાયા છે. ચૂંટણી ન યોજાતા વહીવટી પ્રક્રિયા ચાલુ રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા એડમિનિસ્ટ્રેટરની નિમણૂંક કરવામાં આવી છે. મુકેશ કુમાર ૧૦મી માર્ચ, ૨૦૨૬ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો વહીવટ સંભાળશે. નવી ચૂંટણીઓ દ્વારા કાઉન્સિલરોની નિમણૂંક ન થાય ત્યાં સુધી તેઓ વહીવટદાર તરીકે કાર્યરત રહેશે. AMCના હાલના કાઉન્સિલરોની પાંચ વર્ષની મુદત આગામી ૯મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ રહી છે.

ધનસુરા-અમદાવાદ હાઈવે પર બનેલી ઘટના

## સાબરકાંઠામાં CNG પંપની સામે જ ભડકે બળી કાર

(સંપૂર્ણ સમાચાર સેવા)સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં તલોદની રોજડ ચોકડી પાસે ધનસુરા-અમદાવાદ સ્ટેટ હાઈવે પર એક કારમાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ ઘટના CNG પંપ નજીક બની હતી, જેના કારણે આસપાસના વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, આ કાર CNG ભરવા માટે આવી રહી હતી ત્યારે જ અચાનક આગની લપેટમાં આવી ગઈ.આગ લાગતાની સાથે જ સ્થાનિકો અને નજીકના પેટ્રોલ પંપના કર્મચારીઓએ તુરંત જ આગ પર કાબુ મેળવવા માટે પ્રયાસો હાથ ધર્યા હતા. આગની જ્વાળાઓ એટલી વિકરાળ હતી કે થોડી જ વારમાં આખી કારને પોતાની ઝપેટમાં લઈ લીધી હતી અને કાર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. ઘટનાને કારણે હાઈવે પર થોડીવાર માટે ટ્રાફિક પણ પ્રભાવિત થયો હતો. સદનસીબે, કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ આ ઘટનાએ સુરક્ષા સંબંધિત પ્રશ્નો ઊભા કર્યા છે. આગ બુઝાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

## ગુજરાતની ૮ મહાનગરપાલિકાઓમાં આઈએએસ રાજ થશે શરૂ: રાજયની મહાનગરપાલિકાઓમાં ચુંટાયેલા પક્ષના શાસનનો અંત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયની વિવિધ મહાનગરપાલિકાઓ માં ચુંટાયેલા પાંખના શાસનનો સત્તાવાર રીતે અંત આવ્યો છે. મનપાની પાંચ વરસની અવધિ પુર્ણ થતા જ રાજય સરકાર દ્વારા વહિવટદારોની નિમણુંક કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ નિર્ણય સાથે જ હવે મહાનગરપાલિકાઓનો તમામ વહિવટ આવતી કાલે ચુંટાયેલા મેયર કે કોર્પોરેટરોના બદલે રાજય સરકાર દ્વારા નિયુકત આઈએએસ અધિકારીઓ સંભાળશે.

તાજેતરના આદેશ મુજબ વધુ બે મહત્વની મહાનગર પાલિકાઓમાં નિમણુંક કરવામાં આવી છે. રાજકોટ મહાનગર પાલિકાના વહિવટદાર તરીકે રેમ્યા મોહન ને મુકવામાં આવ્યા છે. તેવી જ રીતે જામનગર માં વહિવટદાર તરીકે આઈએએસ આરતીકંવર ની વરણી કરવામાં આવી છે. આ બંને મહિલા અધિકારીઓ પાસે વહિવટી ક્ષેત્રનો બહોળો અનુભવ છે. જેનો લાભ હવે શહેરોના વિકાસ કાર્યોમાં મળશે. તો બીજી તરફ રાજયના સૌથી મોટા શહેર અમદાવાદ




મહાનગરપાલિકામાં વહિવટદાર તરીકે અગ્ર સચિવ મુકેશકુમાર ને જવાબદારી સોંપવામાં આવી છે. જયારે દક્ષિણ ગુજરાતના આર્થિક હબ ગણાતા સુરતની જવાબદારી અગ્ર સચિવ મિલીન્દ તોરવણે ને સોંપાઈ છે. આ નિમણુંકો દર્શાવે છે કે સરકાર મોટા શહેરોમાં અનુભવી સચિવસ્તરના અધિકારીઓ દ્વારા વહિવટ ચલાવવા માંગે છે.

વડોદરા મહાનગરપાલિકામાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.(જીયુવીએનએલ) ના એમ ડી શાલીની અગ્રવાલ ને વહિવટદાર તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો છે, જયારે ભાવનગર મહાનગરપાલિકાની જવાબદારી સચિવ હર્ષદ પટેલ ને સોંપાઈ છે. રાજય સરકારના આ મહત્વના નિર્ણય થી હવે આગામી ચુંટણીઓ ન યોજાય ત્યાં સુધી મનપાની તમામ સત્તાઓ આ વહિવટદારો પાસે રહેશે. સામાન્ય રીતે જયારે મહાનગરપાલિકાની મુદત પુરી થાય અને ચુંટણીમાં વિલંબ હોય ત્યારે વહિવટદારોની નિમણુંક કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન બજેટ મંજુર કરવાથી લઈને વિકાસના કામોના ટેન્ડર પાસ કરવા સુધીની તમામ સત્તા કમિશ્નર કે વહિવટદાર પાસે કેન્દ્રીત થાય છે. હવે જોવાનુ એ રહેશે કે આ અધિકારીઓ શહેરી જનતાના પ્રશ્નોનુ કેટલી ઝડપે નિરાકરણ લાવે છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ગાંધીનગરમાં મહિલા દિવસે આશા વર્કરોનુ ઉગ્ર વિરોધ પ્રદર્શનઃ આશા વર્કર અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણ




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આજે રવિવારે જયારે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણી કરી રહ્યુ હતુ, ત્યારે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે કંઈક અલગ દ્રશ્યો જોવા મળ્યા હતા. રાજયભરમાંથી આવેલી હજારો આશા વર્કર બહેનોએ પોતાના પડતર પ્રશ્નો અને વરસોથી થતા અન્યાય સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યુ હતું. હાથમાં કાળી પટ્ટી ધારણ કરી અને સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર સાથે મહિલાઓએ પોતાની વેદના વ્યકત કરી હતી. ઉલ્લેખનીય છે કે આશાવર્કરોએ પોતાના હક્કો માટે આ પહેલીવાર નહી પણ અનેકવાર આંદોલન કરવામાં આવ્યા છે. તેમ છતાં તેમના પ્રશ્નોનો નિકાલ ન થતો હોવાના આક્ષેપ છે. જેથી આશા વર્કરો હવે લડી લેવાના મુડમાં છે. આ આંદોલન ત્યારે વધુ ઉગ્ર બન્યુ જયારે આશા વર્કરોએ રેલી કાઢીને સચિવાલય તરફ આગળ વધવાનો પ્રયાસ કર્યો, આ સમયે પોલીસ અને મહિલા પ્રદર્શનકારીઓ વચ્ચે ભારે ઘર્ષણ જોવા મળ્યુ હતું. પોલીસે આશા વર્કરોને રોકવા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. પરંતુ મહિલાઓનો આક્રોશ એટલો વધુ હતો કે પોલીસ સાથે ઝપાઝપી ના દ્રશ્યો સર્જાયા હતા. આશા વર્કરોનો આક્ષેપ હતો કે મહિલા દિવસે જ તેમની અટકાયત કરીને સરકાર તેમના અવાજને દબાવવા નો પ્રયાસ કરી રહી છે. આશાવર્કર બહેનોએ જણાવ્યુ હતુ કે તેઓ આરોગ્ય ક્ષેત્રે પાયાનુ કામ કરે છે. તેમ છતાં તેમને યોગ્ય વેતન અને કામના કલાકોની કોઈ સુવિધા મળતી નથી. કાળી પટ્ટી બાંધીને આ બહેનોએ સરકારને જગાડવાનો પ્રયાસ કર્યો છે. રેલી વધુ આગળ વધે તે અગાઉ જ ગાંધીનગર પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી હતી, અનેક મહિલા આગેવાનો અને આશા વર્કરોની અટકાયત કરવામાં આવી હતી. પોલીસવાનો ભરીને બહેનોને હેડ કવાર્ટર લઈ જવામાં આવી હતી.

આ અટકાયતને પગલે આશા વર્કરોમાં વધુ રોષ જોવા મળ્યો હતો. મહિલા દિવસના અવસરે જ મહિલાઓની અટકાયત થતા વિરોધ પક્ષો અને સામાજિક સંગઠનોમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો હતો. આશા વર્કરોની મુખ્ય માંગણીઓમાં ફીકસ પગાર, પેન્શન યોજના અને સરકારી કર્મચારી જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. ગાંધીનગર ના રોડ રસ્તાઓ પર આજે રવિવારે મહિલા શકિતનો પરીચય જોવા મળ્યો હતો. જે તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.

# ખાનગીકરણના વિરોધમાં આવતીકાલે મંગળવારે દેશભરમાં વીજ કર્મચારી પ્રદર્શન યોજશે



પ્રતિનિધિ,ગાંધીનગર

દેશની સંસદમાં ઈલેકટ્રીક સીટી (એમેન્ડમેન્ટ ) બીલ ૨૦૨૫ આગામી ૧૦ માર્ચના રોજ રજુ થાય એવા સંકેતોને લઈ દેશભરના વીજ કર્મચારીઓ અને એન્જીનીયર્સ કાર્ય બહિષ્કાર કરી વિરોધ પ્રદર્શન કરશે. નેશનલ કો ઓડીનેશન કમિટી ઓફ ઈલેકટ્રીક સીટી એપ્લોઈઝ એન્ડ એન્જીનીયર્સ ના આહવાન પર ૨૭ લાખ કર્મચારીઓ અને એન્જીનીયર્સ વિરોધ પ્રદર્શન કરશે.

ગુજરાત ઉર્જા સંકલન સમિતિના ૭ હજાર ઈજનેરો અને ૪૦ હજાર થી વધુ વીજ કર્મચારીઓ પણ આ બીલના વિરોધમાં તારીખ ૧૦ મી એ વિરોધ પ્રદર્શનમાં જોડાશે તેવુ ઓલ ગુજરાત વિજળી કર્મચારી સંઘના સીનીયર સેક્રેટરી જનરલ બળદેવભાઈ પટેલ અને જીઈબી એન્જીનીયર્સ એસોસીએશનના સેક્રેટરી જનરલ એચ બી વઘાસીયાએ જણાવ્યુ છે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે મંગળવારે સંસદમાં સવારે આ બીલ રજુ થશે તો ગુજરાતના વીજ કર્મચારીઓ અને એન્જીનીયર્સ બપોરે રીસેસના સમયે વિરોધ પ્રદર્શન કરશે. જો બપોર પછી ગૃહમાં બીલ રજુ થશે તો સાંજે ૬:૩૦ વાગે દરેક ઓફીસ સામે વિરોધ પ્રદર્શન કરાશે, જો કે આ આંદોલનના કારણે ગુજરાતભરમાં વીજ પુરવઠામાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ નહી પડવા દેવામાં આવે. પરંતુ કેન્દ્ર સરકાર વીજ વિભાગના ખાનગીકરણને આગળ વધારશે તો ના છુટકે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી તેમણે ઉચ્ચારી હતી.

ઓલ ઈન્ડીયા પાવર એન્જીનીયર્સ ફેડરેશનના ચેરમેન શૈલેન્દ્ર દુબે એ જણાવ્યુ હતુ કે અગાઉ ઉર્જા મંત્રાલયે આ બીલ પર હીતધારકો પાસેથી સુચનો માંગ્યા હતા.

દેશભરના પાવર સેકટર સાથે જોડાયેલા તમામ ફેડરેશનો, ટ્રેડ યુનિયનો અને સંગઠનોએ સર્વ સંમંતિથી કહ્યુ હતુ કે આ બીલ જન વિરોધી છે અને તેને પાછુ ખેંચવુ જોઈએ. પરંતુ હિતધારકોની ટીપ્પણીઓને ન તો જાહેર કરવામાં આવી અને ન તો પરામર્શ બેઠકોની કાર્યવાહી જારી કરવામાં આવી, તેના બદલે ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ઉર્જા મંત્રાલયે એક વર્કિંગ ગૃપની રચના કરી જેમાં ઓલ ઈન્ડીયા ડીસ્કોમ એસોસીએશન ને પણ સામેલ કરવામાં આવ્યુ છે. જે ખુલ્લેઆમ વીજ ક્ષેત્ર ના ખાનગીકરણનુ સમર્થન કરી રહ્યુ છે. જે સંગઠને પહેલાથી જ આ બીલનુ સમર્થન કરી દીધુ છે. તેને જ કાયદાને અંતિમ સ્વરૂપ આપનારા વર્કિંગ ગૃપમાં સામેલ કરવુ એ સમગ્ર પ્રક્રિયાને પક્ષપાતી અને ગેરબંધારણીય બનાવે છે.

### સમાજના આગેવાનોને રાજ્ય સરકારની યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા મંત્રીશ્રીનું આહ્વાન

# લગ્ન બાદ ઘરે પધારેલી 'વહુ'ને પોતાની દીકરી માનીને આદર પ્રેમ આપવો જોઈએઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

### ગાંધીનગર ખાતે આયોજિત ઠાકોર સમાજના ઉપમા સમૂહ લગ્નોત્સવમાં નવદંપતીઓને આશીર્વાદ આપતા મંત્રી શ્રી હર્ષ સંઘવી

તા.૮ માર્ચના રોજ ગુજરાત ઠાકોર ક્ષત્રિય સમાજ દ્વારા આયોજિત ઉપમા સમૂહ લગ્નોત્સવ પ્રસંગમાં કલોલ ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નવદંપતીઓને શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ઠાકોર સમાજ અને સરકાર વચ્ચેનો હૃદયથી જોડાયેલો અતૂટ સંબંધ છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ઠાકોર સમાજના યુવાનોનો વિકાસ અને મજબૂત નેતૃત્વ એ સરકારનું મુખ્ય ધ્યેય છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના શાસનકાળથી શરૂ થયેલી વિકાસયાત્રા આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં 'રોકેટ ગતિએ' આગળ વધી રહી છે, જે સમાજના સહયોગ અને આશીર્વાદનું પરિણામ છે. ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓ જેવી કે આયુષ્માન ભારત, પ્રધાનમંત્રી આવાસ યોજના અને કિસાન સન્માન નિધિનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને ગંભીર બીમારીમાં સીધી મદદ મળે તેવા કાર્યો પહેલા માત્ર સપના સમાન હતા, જે આજે વાસ્તવિકતા બન્યા છે." તેમણે અપીલ કરી હતી કે, છેવાડાનો કોઈ પણ પરિવાર આ યોજનાઓના લાભથી વંચિત ન રહી જાય તેની જવાબદારી સમાજના અગ્રણીઓની છે. સામાજિક પરિવર્તન અને શિક્ષણ પર ભાર મુકતા મંત્રીશ્રીએ દીકરાઓની માતાઓને ભાવુક વિનંતી કરતા જણાવ્યું કે, "આજે લગ્ન બાદ ઘરે પધારેલી 'વહુ'ને પોતાની દીકરી માનીને આદર પ્રેમ આપજો."

સાથેજ ધારાસભ્ય શ્રી અલ્પેશજી ઠાકોર અને લક્ષ્મણજી ઠાકોરના પ્રયાસોથી સમાજ માટે નિર્માણ પામનાર શૈક્ષણિક ભવન અંગે તેમણે ખુશી વ્યક્ત કરી સૌને સામાજિક દૂષણો દૂર કરવા અને સરકારના સહયોગી બની સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા સંકલ્પ લેવડાવ્યા હતા.

આ સમૂહ લગ્નોત્સવમાં ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી અલ્પેશજી ઠાકોર, કલોલના ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોર, જિલ્લા પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, મુખ્ય યજમાન શ્રી કાંતિજી ઠાકોર સહિત સમાજના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીધામ શહેર ભાજપના મંત્રીના મોત મામલે આવ્યો બહાર ખુલાસોઃ સ્યુસાઈડ નોટમાં ૧૭ લોકોના ત્રાસથી આપઘાત કર્યો હોવાનુ આવ્યુ બહાર




પ્રતિનિધિ,ગાંધીનગર

આપઘાત પ્રકરણમાં બે ભાજપના નેતાઓના પુત્રોની સંડોવણી હોવાનુ બહાર આવ્યુ છે. દર્શન બળવંત ઠકકર અને કલ્પેશ મુળજી સચદે નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને ઉંચુ વ્યાજ વસુલી સોના ચાંદીના દાગીના પડાવ્યા હતા તેવી વાત સ્યુસાઈડ નોટમાં બહાર આવી છે. આ મામલે આદીપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીધામમાં ભાજપના યુવા નેતાએ પંખે પટ્ટી બાંધીને આપઘાત કર્યો હતો અને આ મામલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. મૃત્યુના ચાર દિવસ બાદ પોલીસની તપાસમાં અલગ અલગ ખુલાસા બહાર આવી રહ્યા છે. આદીપુરના વોર્ડ નં.૨ / બી માં રહેતા અને ગાંધીધામ શહેર ભાજપના મંત્રી તરીકે કાર્યરત ૩૯ વર્ષીય દિપેશ મિનાક્ષીબેન ભટ્ટ એ ગઈ તારીખ ૫ માર્ચ ના રોજ બપોરના સુમારે પોતાના ઘરે પંખા સાથે ચુંદડી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ઘાટલોડીયા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનનુ લોકાર્પણઃ ૧.૨૫ લાખ નાગરીકોને પુરતા પ્રેશરથી પાણી મળશે



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે આજે રવિવારે અમદાવાદના ઘાટલોડીયા વોર્ડમાં રૂપીયા ૫૫.૩૧ કરોડ ના ખર્ચે નવનિર્મિત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. જે ૧.૨૫ લાખ થી વધુ નાગરીકોને પુરતા પ્રેશર થી પાણી મળશે. આ ઉપરાંત તેમણે તપોવન વિદ્યા વિહારનુ ઉદ્દ્ઘાટન કર્યુ હતું. મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ આ વિદ્યાવિહાર ના વર્ગખંડોની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદના ઘાટલોડીયા વોર્ડમાં નવનિર્મિત વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. અમદાવાદ મહાનગરપાલિકાના ઉત્તર પશ્ચિમ ઝોનના ઘાટલોડીયા વોર્ડ માં રૂપીયા ૫૫.૩૧ કરોડના ખર્ચે ૨૫૦ લાખ લીટર ક્ષમતાની પંપ હાઉસ સાથેની ભુગર્ભ ટાંકી તથા ૨૫ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી સાથે નવુ વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવામાં આવ્યુ છે. ઘાટલોડીયા વિસ્તારમાં ઘાટલોડીયા બ્રીજ થઈ પાવાપુરી ચાર રસ્તા થઈ લક્ષ્મણગઢ ચાર રસ્તા થઈ સતાધાર ચાર રસ્તા થઈ ભુયંગદેવ ચાર રસ્તા સુધીનો વિસ્તાર, ઘાટલોડીયા ગામતળ, કર્મચારીનગર, સીપી નગર, અર્જુન ટાવર, સંસ્કૃત ફલેટ જેવા ઘાટલોડીયા ટીપી-૨ ના સમગ્ર વિસ્તારના રહીશોને પુરતા પ્રમાણમાં પાણીનો પુરવઠો મળી રહેશે. અંદાજે ૪ ચો. કીમી વિસ્તારમાં આશરે ૧,૨૫,૦૦૦ જેટલી વસ્તીને પુરતા પ્રેશરથી પાણી પુરૂ પાડી શકાશે.

આ પ્રસંગે મેયર પ્રતિભાબેન જૈન , ધારાસભ્ય હસમુખ પટેલ, ડે.મેયર જતીન પટેલ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન દેવાંગ દાણી સહિતના એએમસીના પદાધિકારીઓ તથા કમિશ્નર બંછાનીધી પાની સહિતના ઉચ્ચ અધિકારીઓ તથા ઘાટલોડીયા વિસ્તારના નાગરીકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડના આંબાના મોર ખરવા લાગ્યા, હાફૂસ કેરીના ઉત્પાદન પર થશે અસર

(સંપૂર્ણ સમાચાર સેવા)વલસાડ

હાફૂસ કેરીનો ગઢ ગણાતા વલસાડ જિલ્લામાં ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. સિઝનની જ્યારે શરૂઆત થઈ હતી ત્યારે આંબા પર સારું ફ્લાવરિંગ થતા ખેડૂતોની ખુશીનો પાર ન હતો. પરંતુ જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ વાદળછાયું વાતાવરણ અને ગરમીને કારણે કેરીના પાક પર અસર થઈ છે. વલસાડ જિલ્લામાં આ વખતે પણ કેરીના પાકમાં મોટું નુકસાન થવાની શક્યતાઓ જોવાઈ રહી છે. હાફૂસ કેરીનું ઓછું ઉત્પાદન થવાને કારણે બજારમાં કેરીની કિંમતો વધારે હોવાની પણ ભીતિ સેવાઈ રહી છે. આ વર્ષે દિવાળી બાદ વલસાડ જિલ્લામાં આંબાવાડીઓમાં આંબા ઉપર ભરપૂર મોર ખીલ્યો હતો. આથી આ વર્ષે ખેડૂતોને કેરીના પાકનું બમ્પર ઉત્પાદન થશે તેવી આશા હતી.

જોકે થોડા સમય અગાઉ અચાનક બદલાયેલા વાતાવરણને કારણે દિવસો સુધી વાદળછાયું વાતાવરણ સાથે વહેલી સવારે ધુમ્મસ છવાઈ જતું હતું. ત્યાર બાદ હવે સવારે ઠંડી અને બપોરે તીવ્ર ગરમી પણ પડી રહી છે. જેની સીધી અસર કેરીના પાક પર થઈ રહી છે.

આથી આંબા ઉપર આવેલા મોટાભાગનો મોર ખરી રહ્યા છે. હવે વહેલી સવારે ઠંડી અને બપોરે ભારે ગરમીને કારણે આંબા ઉપર ફૂટેલી કેરીની કણ પણ ખરી રહી છે.

### વડાપ્રધાનશ્રીએ આપેલા "અમૃતકાલ"ના વિઝનને અનુરૂપ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું મહત્વપૂર્ણ કદમ

# દક્ષિણ ગુજરાતના ગ્રોથ હબ તરીકે સુરત ઈકોનોમિક રિજિયન SERને રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે સૌ પ્રથમ ૧૧૮૫ કરોડ રૂપિયાના કામો મંજૂર કરતા મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારત @૨૦૪૭ના સંકલ્પને આ અમૃતકાલમાં વિકસિત ગુજરાત@૨૦૪૭થી સાકાર કરવાનો નિર્ધાર કર્યો છે.

આ હેતુસર રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ આપવા ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન-ગ્રીટની રચના કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈનોવેશન, ઈન્ડિવિજુઅલ અને ઈન્સ્ટિટ્યુશન આધારિત લાંબાગાળાના અને પરિણામલક્ષી વિકાસનું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે દિર્ઘ દ્રષ્ટીપૂર્ણ આયોજન કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ગ્રીટ દ્વારા રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાસ માટે ૬ ગ્રોથ હબ વિકસાવવા દરેક ક્ષેત્રની જરૂરીયાત મુજબ ખુબ જ ટુંકા ગાળામાં જે રિજનલ ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર થયા છે. તેમાં દક્ષિણ ગુજરાતના ગ્રોથ હબ તરીકે સુરત ઈકોનોમિક રિજિયન SER માટે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે સૌ પ્રથમ ૧૧૮૫ કરોડ રૂપિયાના કામો મંજૂર કરીને મુખ્યમંત્રીશ્રીએ જે કહેવુ તે કરવુંનો ધ્યેય સાકાર કર્યો છે.

SERમાં સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લાનો સમાવેશ થાય છે અને આ વિસ્તારો રાજ્યના કુલ આર્થિક વિકાસમાં ૩૫ ટકાથી વધુ યોગદાન આપે છે.

દેશના આર્થિક વિકાસમાં નોંધપાત્ર ફાળો આપતું ગુજરાત વિકસિત ભારત@૨૦૪૭માં પણ લીડ લે તેવા અભિગમથી વિકસિત ગુજરાત@૨૦૪૭નો રોડ મેપ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં કાર્યરત થયો છે.

આ રોડ મેપ અંતર્ગત "અર્નિંગ વેલ - લિવિંગ વેલ"નો ધ્યેય પાર પાડવા રાજ્યમાં આર્થિક વિકાસથી અર્થવ્યવસ્થા સુદ્રઢ કરવાની જે નેમ મુખ્યમંત્રીશ્રીએ રાખી છે. તેમા સુરત ઈકોનોમિક રિજિયન લાંબા ગાળાના આર્થિક વિકાસને આગળ ધપાવવાના મુખ્ય વિકાસ કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.

આ સ્ટ્રેટેજિક મલ્ટી ડિસ્ટ્રીક આર્થિક ક્ષેત્રના વિકાસ માટેના ઈકોનોમિક માસ્ટર પ્લાનથી અમૃતકાલ વિઝનને પાર પાડવાના મહત્વપૂર્ણ પરિબળ તરીકે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન માટે SERના પાંચ જિલ્લાઓમાં કુલ ૩૮૩ કિલોમીટરના ૨૪ કામો માટે આ ૧૧૮૫ કરોડ મંજૂર કરવામાં આવ્યાં છે.

★રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન થી શું ફાયદો થશે?

★લોજિસ્ટિક કાર્યક્ષમતા વધશે

આ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનના પરિણામે સુરત, તાપી, વલસાડ, ભરૂચ અને નવસારી જિલ્લાના મુખ્ય ઔદ્યોગિક હબ અને જી.આઈ.ડી.સી. વિસ્તારોને જોડતા માર્ગોની સુધારણા થવાથી લોજિસ્ટિક કાર્યક્ષમતા વધશે અને માલસામાન તથા શ્રમિકોની અવર-જવર વધુ સુગમ થશે. એટલું જ નહીં ટેક્સટાઈલ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ અને ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝના વિકાસને મજબૂતી મળશે.

★ઈન્ડસ્ટ્રીયલ એક્સપાન્શન - ઔદ્યોગિક વિસ્તરણ

SERમાં સમાવેશ થયેલા જિલ્લાઓમાં આ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનના કારણે ફીશરીઝ, હજીરા પોર્ટ, સુગર ફેક્ટરી, સુમુલ ડેરી, પાપડ ઉદ્યોગ, માઈનિંગ એન્ડ લિગ્નાઈટ પ્રોજેક્ટ જેવા વિવિધ ઉત્પાદન એકમો ધરાવતા ઔદ્યોગિક ક્ષેત્રને સીધો લાભ મળતો થશે.

આ ઉપરાંત કડોદ, કડોદરા, જોલવા, માંગરોળ, કોસંબા અને તડકેશ્વર જેવા મહત્વના જી.આઈ.ડી.સી. વિસ્તારોની કનેક્ટિવિટી મજબૂત થવાથી ઔદ્યોગિક વિસ્તરણ દ્વારા વિકાસને પણ વેગ મળશે.

★ કૃષિ પરિવહન સુવિધા સરળ થશે

રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટી અપગ્રેડેશનથી SERના જિલ્લાઓની ખેત પેદાશોના પરિવહનમાં ઝડપ આવશે અને ખેડૂતો પોતાના પાક ઉત્પાદનો તથા ચીજ વસ્તુઓ બજાર સુધી સરળતાથી પહોંચાડી શકશે તેમજ કૃષિ ક્ષેત્રને વધુ પ્રોત્સાહન મળશે.

★પ્રવાસન વિકાસ - ટુરીઝમ ડેવલપમેન્ટ

દક્ષિણ ગુજરાત પ્રદેશના સિધ્ધનાથ મહાદેવ, શબરીધામ, પાંડવગુફા, અંજનીકુંડ, સંજાણની પારસી અગિયારી જેવા ધાર્મિક સ્થળોએ આવનારા પ્રવાસીઓને આ સંગીન રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન વધુ સરળતા આપશે.

આ ઉપરાંત મહાલના જંગલો, સાપુતારા, વિલ્સન હિલ જેવા ટુરિસ્ટ પ્લેસિસ અને ઈકો ટુરીઝમ સ્થળોએ પહોંચવું સુગમ બનવાથી સમગ્રતયા પ્રવાસન પ્રવૃતિઓને નવી દિશા મળશે.

★રોજગારી સર્જનના અવસરો

સુરત ઈકોનોમિક રિજિયનમાં મુખ્યત્વે ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ, પેટ્રોકેમિકલ એન્ડ કેમિકલ, ટેક્સટાઈલ, ફિશરિઝ જેવા પરંપરાગત સેક્ટર્સ ઉપરાંત સેમિકન્ડક્ટર, ગ્રીનહાઈડ્રોજન, લોજિસ્ટિક્સ જેવા ઉભરતા ક્ષેત્રોના વિકાસની નવી તકો આ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનથી ઊભી થશે. આના પરિણામે યુવાશક્તિને મોટાપાયે રોજગાર સર્જનના અવસરો મળતા થશે.

★SERને વિકસિત ગુજરાત@૨૦૪૭ માટેનું સ્ટ્રેટેજિક ગ્રોથ એન્જિન બનાવવામાં નવું બળ મળશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે SERને વિકસિત ગુજરાત@૨૦૪૭ માટેનું સ્ટ્રેટેજિક ગ્રોથ એન્જિન બનાવવાનો અભિગમ રાખ્યો છે અને ૨૦૪૭ સુધીમાં ૩.૫ ટ્રીલીયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાના રાજ્યના વિઝનમાં આ SER જી.એસ.ડી.પી.માં ૩૫% થી વધુ યોગદાન આપે તેવી અપેક્ષા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે SER માટે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનની આપેલી આ મંજૂરીને પરિણામે ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધારિત આર્થિક વિકાસને નવું બળ મળતું થતાં સર્વગ્રાહી વિકાસના નવા સિમાચિન્હો આ SER સર કરશે.

# ખેડૂતના દીકરાની સફળતાની કહાની, IPS પાસ કરીને સંતોષ ન માન્યોઃ હવે IAS ક્લિયર કરી કલેક્ટર બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)પાટણ

કઠોર પરિશ્રમનો બીજો કોઈ વિકલ્પ નથી. આ વાતને ફરી એક વખત સાબિત કરી બતાવી છે વિપુલ કરમણભાઈ ચૌધરીએ. વિપુલ ચૌધરી સાંતલપુરના હમીરપુરા ગામના રહેવાસી છે. જેઓએ વર્ષ ૨૦૨૪માં UPSCમાં ૩૪૮ મો રેંક મેળવીને IPS બન્યા હતા. IPS બન્યા બાદ પણ વિપુલ ચૌધરીએ મહેનત ન છોડી અને આખરે વર્ષ ૨૦૨૫ની UPSC પરીક્ષામાં ૧૧૫મો રેંક મેળવીને IASનું પદ મેળવ્યું. સતત ૧૮ કલાકનું વાંચન અને ૫ પ્રયત્નો છતાં હિંમત હાર્યા વગર તેમણે આ મુકામ હાંસલ કર્યુ. વિપુલ ચૌધરીનું કહેવું છે કે જો તમે લક્ષ્યને નક્કી કરીને મહેનતને જ મંત્ર બનાવશો તો સફળતા ચોક્કસ તમારું સરનામું શોધતી આવશે. પાટણ જિલ્લાના સરહદી સાંતલપુરના હમીરપુરા ગામના વિપુલ કરમણભાઈ ચૌધરીએ UPSC સિવિલ સર્વિસ પરીક્ષામાં સતત બીજા વર્ષે ઝળહળતી સફળતા મેળવી આખા પંથકનું નામ રોશન કર્યું છે. ગત વર્ષે ૨૦૨૪માં ૩૪૮મો રેંક મેળવી IPS બનનાર વિપુલ ચૌધરીએ પોતાની મહેનત છોડી નહીં અને આ વર્ષે ૨૦૨૫માં ૧૧૫મો રેંક હાંસલ કરી IASનું પદ મેળવ્યું છે. વિપુલ ચૌધરીના પિતા કરમણ ચૌધરીની ઈચ્છા હતી કે, તેમનો દીકરો મામલતદાર બને, પરંતુ વિપુલ ચૌધરીનું માનવું છે કે IPS તરીકે કાયદો-વ્યવસ્થાની જવાબદારી હોય છે, પરંતુ IAS બનીને તે સીધા જ ખેડૂતો અને છેવાડાના માનવીના જીવનધોરણને ઊંચું લાવવા માટે નીતિવિષયક નિર્ણયો લઈ શકશે. આ જ ઉમદા હેતુથી તેમણે IPS ની ટ્રેનિંગ પણ જોઈન નહોતી કરી અને રજા લઈને IASની તૈયારીમાં લાગી ગયા હતા. વિપુલ ચૌધરીને કંઈક મોટું કરવાનો સંકલ્પ હતો. સરહદી વિસ્તારમાં ખેડૂતો, સામાન્ય લોકોની હાડમારી જોઈ તેણે UPSCની તૈયારી શરૂ કરી હતી. સતત ૧૮ કલાકનું વાંચન અને ૫-૫ પ્રયત્નો છતાં હિંમત હાર્યા વગર તેણે આ મુકામ હાંસલ કર્યો છે. ઈન્ટરવ્યૂમાં ઓછા માર્ક્સ આવવા છતાં હતાશ થયા વગર પોતાની ભૂલ સુધારી તે આજે IAS બન્યા છે. તેઓ કહે છે કે, "UPSC ક્લિયર કરવી એ મેરેથોન દોડ જેવી છે. શરૂઆત સહેલી લાગે પણ અંત સુધી ટકી રહેવું અઘરું છે. નિષ્ફળતા તમારી મહેનતમાં રહેલી ખામી બતાવે છે, તમારી કાબેલિયત નહીં. મેં પાંચ પ્રયત્ન કર્યા, ઈન્ટરવ્યૂમાં ફેઈલ થયો, પણ મેં મારી ભૂલો સ્વીકારી. જો તમે લક્ષ્ય નક્કી કરી, મહેનતને જ મંત્ર બનાવશો, તો સફળતા ચોક્કસ તમારું સરનામું શોધતી આવશે."

### પાંચ દિવસીય કાર્યક્રમમાં દેશની વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાતો માર્ગદર્શન આપશે

# ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી(PRL), અમદાવાદ દ્વારા ૯ થી ૧૩ માર્ચ દરમિયાન યુવા સંશોધકો માટે 'કન્ડેન્સ્ડ મેટર ફિઝિક્સ' પર નેશનલ વર્કશોપનું આયોજન

ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL), અમદાવાદ દ્વારા આગામી ૯ થી ૧૩ માર્ચ ૨૦૨૬ દરમિયાન "PRL વર્કશોપ ઓન કન્ડેન્સ્ડ મેટર ફિઝિક્સ" નું આયોજન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય સ્તરની વર્કશોપ ખાસ કરીને પીએચ.ડી. (PhD) ના શરૂઆતના તબક્કાના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવી છે.

નેશનલ વર્કશોપના મુખ્ય ઉદ્દેશ્યો અને વિષયો નીચે મુજબ છે:

- આ વર્કશોપ આધુનિક ક્વોન્ટમ કન્ડેન્સ્ડ-મેટર ફિઝિક્સના મુખ્ય ખ્યાલો અને પાયાના સૈદ્ધાંતિક સાધનોનો વ્યાપક પરિચય આપશે.

-આ કાર્યક્રમમાં ટોપોલોજી ઈન નોન-ઈન્ટરેક્ટિંગ સિસ્ટમ્સ, સેમિક્લાસિકલ ટ્રાન્સપોર્ટ થીયરી, ધ ક્વોન્ટમ હોલ ઈફેક્ટ, ગ્રીન્સ ફંક્શન્સ અને મેની-બોડી ફિઝિક્સ તેમજ સુપરકન્ડક્ટિવિટીની થીયરી જેવા મહત્વના વિષયો આવરી લેવામાં આવશે.

-આ લેક્ચર્સ અને ટ્યુટોરિયલ્સ ભારતની અગ્રણી સંશોધન સંસ્થાઓના પ્રખ્યાત ફેકલ્ટી દ્વારા આપવામાં આવશે.

સમગ્ર ભારતની વિવિધ સંસ્થાઓમાંથી ૫૦ થી વધુ પ્રતિભાગીઓ આ ઈવેન્ટમાં જોડાશે તેવી અપેક્ષા છે. વિદ્યાર્થીઓને તેમના સંશોધન કાર્યને 'ફ્લેશ ટૉક' દ્વારા રજૂ કરવાની તક મળશે, જેનાથી યુવા સંશોધકો વચ્ચે શૈક્ષણિક આદાનપ્રદાન વધશે. આ વર્કશોપમાં ૮માં વાર્ષિક પ્રતિષ્ઠિત PRL-IAPT (ઈન્ડિયન એસોસિએશન ઓફ ફિઝિક્સ ટીચર્સ) લેક્ચરનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે PRL ના પ્રોફેસર દિવ્યેન્દુ ચક્રવર્તી દ્વારા આપવામાં આવશે. આ શ્રેણીનો ઉદ્દેશ્ય ઉચ્ચ સ્તરીય સંશોધન અને સ્નાતક કક્ષાના શિક્ષણ વચ્ચે સેતુ બાંધવાનો અને ભૌતિક વિજ્ઞાનના શિક્ષણને વધુ અસરકારક બનાવવાનો છે. ભારતમાં ક્વોન્ટમ મટીરિયલ્સ ક્ષેત્રે વધી રહેલા સંશોધકોની સંખ્યાને ધ્યાનમાં લેતા, આ પ્રકારની કાર્યશાળાઓ વૈજ્ઞાનિક પ્રતિભાને પ્રોત્સાહન આપવામાં અને દેશના સંશોધન ક્ષેત્રને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. વર્કશોપ અંગેની વધુ વિગતો માટે https://sites.google.com/view/prlcmpworkshop/home વેબસાઈટ ની મુલાકાત લઈ શકાય છે.

### AAP રાષ્ટ્રીય સંયોજક કેજરીવાલે ગાંધીનગર ખાતે જનસભામાં ખેડૂતો મુદ્દે અવાજ ઉઠાવ્યો

# ''પરિવર્તન લાવો, કિસાન બચાવો યાત્રા''ના સમાપનમાં આયોજિત જનસભામાં હજારો ખેડૂતો ઉમટી પડ્યા





અમદાવાદ ગાંધીનગર/

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીએ ''પરિવર્તન લાવો, કિસાન બચાવો યાત્રા''ના સમાપનમાં ગાંધીનગર ખાતે યોજાયેલ જનસભામાં હાજરી આપી હતી અને સમગ્ર ગુજરાતના ખેડૂતો માટે અવાજ ઉઠાવ્યો હતો. આ જનસભામાં AAP રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલજીની સાથે સાથે પ્રદેશ પ્રભારી ગોપાલ રાયજી, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ધારાસભ્ય ચૈતર વસાવા, ધારાસભ્ય હેમંત ખવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, પ્રદેશ ફ્રન્ટલ સંગઠન અધ્યક્ષ પ્રવીણ રામ, પ્રદેશ મહામંત્રી સાગર રબારી, નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી અને મધ્યઝોન કાર્યકારી પ્રમુખ ડૉ. જ્વેલ વસરા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં ખેડૂતો, યુવાનો અને મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા અને તમામ લોકોએ આમ આદમી પાર્ટીને સમર્થન આપી આવનારી ચૂંટણીઓમાં ઝાડુંનું બટન દબાવી જનતાની સરકાર બનાવવા માટે શપથ લીધા હતા.

આ સભામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીએ હજારોની સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતો સમક્ષ પોતાનું વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે, ઈસુદાનભાઈ ગઢવી, પ્રવીણભાઈ રામ અને મનોજભાઈ સોરઠીયાની આગેવાનીમાં સોમનાથથી શરૂ થયેલી યાત્રા ગામડે ગામડે ફરીને આજે ગાંધીનગર પહોંચી. એમણે જોયું કે દરેક જગ્યાએ ખેડૂતો દુખી છે. ખેડૂતોને સિંચાઈ માટે પાણી નથી મળતું, પૂરતો ભાવ નથી મળતો, દરેક વસ્તુઓનો ભાવ વધારો થઈ ગયો છે, પરંતુ ભાજપની આ સરકારે ૩૦ વર્ષથી કશું કર્યું નથી. ગુજરાતના એક એક લોકો જાણે છે કે આ લોકોની ભ્રષ્ટાચારની સરકાર છે અને જો કોઈ આ લોકો સામે અવાજ ઉઠાવે તો તેમને ખોટા કેસમાં ઉઠાવીને જેલમાં નાખી દેવામાં આવે છે. થોડા દિવસ પહેલા હડદડ ગામમાં ખેડૂતો પર અત્યાચાર કરવામાં આવ્યો અને ૮૫ ખેડૂતોને મહિનાઓ સુધી જેલમાં નાખવામાં આવ્યા. જ્યારે લોકો દિવાળી મનાવી રહ્યા હતા ત્યારે આ ખેડૂતો જેલમાં તડપી રહ્યા હતા. આ ફક્ત ૮૫ ખેડૂતોની વાત ન હતી, ભાજપ સરકાર આ ૮૫ ખેડૂતોના માધ્યમથી ગુજરાતના તમામ ખેડૂતોને સંદેશ આપી રહી હતી કે '' ખબરદાર જો અમારા વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો તો તમારી પણ આવી હાલત થશે''. આ ખેડૂતોનું અપમાન છે. હવે ખેડૂતોએ કસમ ખાવી પડશે કે બીજી કોઈ પણ પાર્ટીને વોટ આપીશું પરંતુ ક્યારેય ભાજપને વોટ નહીં આપીએ અને ભાજપના કમળને ગુજરાતમાંથી ઉખાડીને ફેંકી દઈશું.

વધુમાં AAP નેતા અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, ધારાસભ્ય ચૈતર વસાવાની શું ભૂલ હતી? મનરેગામાં કૌભાંડ થઈ જ રહ્યા છે. ચૈતર વસાવાએ કૌભાંડ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો અને કહ્યું કે ''ગરીબોના પૈસા ન ખાઓ'' પરંતુ આ લોકોએ ચૈતર વસાવાને જેલમાં નાખી દીધા. પ્રવિણ રામે ખેડૂતો માટે અવાજ ઉઠાવ્યો તો પ્રવીણ રામને પણ જેલમાં નાખી દીધા. આ લોકોએ મને પણ છ મહિના સુધી જેલમાં નાખી દીધો હતો. અમારી પાર્ટીના પાંચ મોટા નેતાઓને પકડીને જેલમાં નાખ્યા હતા. આ લોકોએ તમામ જગ્યાએ શોધખોળ કરી પરંતુ એક પણ પૈસો મળ્યો નહીં. આખરે કોર્ટે કહ્યું કે ''કેજરીવાલની વિરુદ્ધ કોઈ કેસ બનતો જ નથી'' બીજેપી કહે છે કે ''કેજરીવાલ ચોર છે'' કોર્ટ કહે છે કે ''કેજરીવાલ કટ્ટર ઈમાનદાર છે'' કોર્ટે કહ્યું કે '' કેસ ચલાવવા લાયક કોઈ સબૂત જ નથી'' જો એક સીટિંગ ચીફ મિનિસ્ટરને ઉઠાવીને જેલમાં નાખી દેવામાં આવે તો સામાન્ય લોકોની શું ઔકાત?

વધુમાં AAP નેતા અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, હવે હું જણાવીશ કે આ લોકોએ કેમ મને જેલમાં નાખ્યો. દિલ્હીમાં પણ ગુજરાત જેવી હાલત હતી, ત્યાં પણ ફક્ત બે જ પાર્ટી હતી અને લોકો બંને પાર્ટીઓથી પરેશાન થઈ ગયા હતા. ત્યારબાદ લોકોએ નક્કી કર્યું કે હવે તેઓ જનતાની સરકાર બનાવશે અને ૨૦૧૫માં લોકોએ ઝાડનું બટન દબાવીને જનતાની સરકાર બનાવી. દિલ્હીના લોકોએ મને મુખ્યમંત્રી બનાવ્યો અને લોકોએ મને જે કહ્યું તે તમામ કામ મેં કર્યા લોકોએ કહ્યું કે વીજળી ફ્રી કરો, તો મે વીજળી ફ્રી કરી. લોકોએ કહ્યું કે પાણી ફ્રી કરો તો મેં પાણી ફ્રી કર્યું, લોકોએ કહ્યું કે વીજળી ૨૪ કલાક આપો તો અમે કોઈ પણ પાવર કટ વગર ૨૪ કલાક વીજળી આપી. મેં જનતાનો અવાજ સાંભળીને શાનદાર સ્કૂલો બનાવી અને મફતમાં શ્રેષ્ઠ આરોગ્ય વ્યવસ્થા મળે એવી હોસ્પિટલો અને મહોલ્લા ક્લિનિક બનાવ્યા. ત્યારબાદ પંજાબમાં અમે કોંગ્રેસ-બીજેપી અને અકાલી દળને હરાવીને આમ આદમી પાર્ટીની સરકાર બનાવી. ત્યારબાદ અમે પંજાબમાં પણ આવા જ કામ કર્યા. અમે પંજાબમાં એક ખેડૂત પુત્ર ભગવંત માનને મુખ્યમંત્રી બનાવ્યા. અમે પંજાબમાં ખેડૂતોને મફતમાં અને સવારના સમયે વીજળી આપવાનું શરૂ કર્યું. પંજાબના દરેક ખેતરમાં સિંચાઈનું પાણી પહોંચી ગયું છે. આજે પંજાબનો બજેટ આવ્યું છે અને તેમાં જાહેરાત કરવામાં આવી છે કે દરેક મહિલાના ખાતામાં દર મહિને રૂા.૧,૦૦૦ની રકમ આપવામાં આવશે. શું આવા કામ ગુજરાતમાં થવા જોઈએ કે નહીં? આમ આદમી પાર્ટી આવા કામ કરી રહી છે એટલા માટે મને જેલમાં નાખવામાં આવ્યો હતો.

વધુમાં AAP નેતા અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતના લોકોએ અમારા પાંચ ધારાસભ્યો બનાવ્યા અને આ લોકોને લાગી રહ્યું છે કે હવે તો આમ આદમી પાર્ટી આ જ રીતે આગળ વધી રહી તો ૨૦૨૭ માં AAP સરકાર બનાવશે. એટલા માટે આ લોકો મને રોકવા માંગે છે અને મારા પર શરાબ કૌભાંડ સહિત અલગ અલગ આરોપ લગાવી રહ્યા છે. અમારા નેતાઓ પર ૨૦૦થી વધારે ખોટા કેસ કરવામાં આવે છે. મને જેલમાં નાખીને દિલ્હીની સત્તા પર ચોરીથી કબજો કરી લીધો. ભાજપ આખા દેશમાં કહે છે કે આખું ગુજરાત તરક્કી કરી રહ્યું છે પરંતુ આજે ગુજરાતના ખેડૂતો તરક્કી નથી કરી રહ્યા, યુવાનો તરક્કી નથી કરી રહ્યા. ગુજરાતમાં ફક્ત બીજેપી અને કોંગ્રેસના નેતાઓ તરક્કી કરી રહ્યા છે. ખેડૂતો જમીન ગીરવે મૂકીને પોતાના બાળકને ભણાવવા માટે અમદાવાદ, ગાંધીનગર, સુરત મોકલે છે અને પરીક્ષા સમય પેપર લીક થઈ જાય છે. દિલ્હીમાં અમારી સરકાર વખતે એક પણ પેપર લીક થયું ન હતું. પંજાબમાં પણ એક પણ પેપર લીક નથી થયું પરંતુ ગુજરાતમાં રોજ પેપર લીક થઈ રહ્યા છે. આ લોકોની પાર્ટીના નેતાઓ પેપર લીક કરાવી રહ્યા છે. જે પેપર લીક કરે છે એ લોકોને જેલ નથી મોકલતા, પરંતુ આ લોકો ચૈતર વસાવા, પ્રવીણ રામ જેવા લોકોને જેલમાં મોકલે છે. આ લોકો બાળકોને રોજગાર નથી આપતા અને આખા ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સ વેચાઈ રહ્યા છે.

# રાજકોટમાં બાળકો ઉઠાવતા શંકાસ્પદ વ્યકિતઓને મારો નહી પરંતુ પોલીસને સોંપો

પ્રતિનિધિ,ગાંધીનગર

બાળકો ઉઠાવી જતી ગેંગ સમજી મહિલાઓ પર થતા હુમલા મામલે રાજકોટ પોલીસ એકસનમાં આવી ગઈ છે અને કાયદો હાથમાં ન લેવા અપીલ પણ કરાઈ છે. ત્યારે ગઈ કાલે રેસક્રોર્ષ માં પણ મહિલાને બેફામ માર મારવામાં આવ્યો હતો. હકીકત તે બે લોકોનો ઝઘડો હતો. જે સ્થાનિક લોકોએ બાળકો ઉઠાવતી ગેંગ સમજી મહિલા પર તુટી પડયા હતા. પોલીસ પહોચતા બંને લોકોએ સમાધાન કરી લીધુ હતું. જેથી ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ અફવા પર ધ્યાન ન આપવુ, કાયદો હાથમાં ન લેવો અને શંકાસ્પદ વ્યકિત લાગે તો પોલીસને જાણ કરવાની અપીલ કરી છે. જે અંગે વધુમાં ડીસીપી એ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે હાલ લોકોના ટોળા દ્વારા બાળકો ઉઠાવી જતી ગેંગ સમજી મહિલાઓ સહિતના લોકોને માર મારવામાં આવી રહ્યો છે કે તે લોકો બાળકોના અપહરણ કરવા આવ્યા છે. જેથી અપીલ કરી હતી કે ખોટી અફવા પર ધ્યાન ન આપવુ. કાયદો હાથમાં ન લેવો જો કોઈ શંકાસ્પદ વ્યકિત કે સમુહ જણાય તો ૧૧૨ પર કોલ કરી પોલીસને જાણ કરવી અને પોલીસને સાથે રાખી કાર્યવાહી કરવી જોઈએ. તેમજ શહેર પોલીસની સોશીયલ મીડીયાની ટીમ પણ કામ કરી રહી છે. જેથી વેરીફાઈ કર્યા વગર કોઈપણ મેસેજ ફોરવર્ડ કે વાયરલ કરવા ન જોઈએ, જો આવા મેસેજ તમને મળે છે તો પોલીસને જાણ કરવી જોઈએ. જેથી નિર્દોષ માણસ ભોગ ન બને, જો આ બાબતે નિર્દોષ માણસ ભોગ બને અને તે પોલીસને ફરીયાદ આપે તો તેવા લોકો સામે પણ




કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગઈ કાલે સવારે રાજકોટ શહેરમાં રેસક્રોર્ષ માં થી પણ એક મહિલા બાળક ઉપાડવા આવી છે તે મામલે એક મહિલાને સ્થાનિક લોકોએ પકડી પોલીસને સોંપી હતી. જો કે તે અંગે પોલીસ સુત્રોએ જણાવ્યુ હતુ કે તે મહિલા શહેરના આંબેડકરનગર વિસ્તારની હતી અને તેને ત્યાં હાજર વ્યકિત સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ તે બંને વચ્ચે સમાધાન પણ થઈ ગયુ હતુ, પોતાના બાળકને સાથે રાખો, તેના ખિસ્સામાં નામ નંબર વાળી ચિઠ્ઠી રાખો, જેથી તુરંત તે મળી શકે, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ વધુમાં જણાવ્યુ હતુ કે લોકોએ તેમના બાળકોને ખાસ સુરક્ષિત રાખવા જોઈએ. બને ત્યાં સુધી બાળકોને સાથે રાખો, બહાર એકલા મોકલો નહી, ઘર બહાર જાય છે તો તેનુ ધ્યાન રાખો તેમજ બાળક જયારે પણ તેઓને સાથે લઈ તમે બહાર નિકળો છો ત્યારે તેમના ખિસ્સામાં તેમના નામ અને પરીવારના નંબરવાળી એક ચિઠ્ઠી પણ રાખો, જેથી જો કયારેય પણ બાળક તમારાથી અલગ પડે તો તેમને તુરંત જ શોધી શકાય છે અથવા તેમનો સંપર્ક થઈ શકે છે.

### ગુજરાત સરકાર આઈપીએસ બાદ હવે આઈએએસ અધિકારીઓની બદલીઓની કરી રહ્યુ છે તૈયારી:

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ કલેકટરો, ડીડીઓ અને ગાંધીનગર તેમજ સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરની ખાલી જગ્યા ભરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ આઈપીએસ અધિકારીઓની બદલીઓ બાદ હવે આઈએએસ અધિકારીઓની બદલીઓ માટે નો ગાંધીનગરમાં ધમધમાટ શરૂ થઈ ગયો છે અને નજીકના દિવસોમાં એટલે કે આવતા અઠવાડીયામાં જ વહિવટી તંત્રમાં મોટા ફેરફાર આવે તેવી શકયતા દર્શાવાઈ રહી છે. બદલીના આ રાઉન્ડમાં સચિવાલયના વિવિધ વિભાગોના વહિવટી સેટઅપ માં ભલે કોઈ મોટા ફેરફારો ન જણાય , પરંતુ જિલ્લા વહિવટી તંત્રમાં વ્યાપક સ્તરે ફેરબદલ થવાની પુરેપુરી શકયતા છે. ખાસ કરીને સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓની જાહેરાત ચાલુ વિધાનસભા સત્ર દરમિયાન અથવા સત્ર પુરૂ થયાના ગણતરીના દિવસો બાદ હોવાથી આ બદલીઓ ખુબ જ ઝડપથી કરવામાં આવી શકે છે. જિલ્લા કલેકટર કચેરીઓના સ્તરે મોટા ફેરફારોને અપેક્ષા રાખવામાં આવી રહી છે. ગાંધીનગરના કલેક્ટર મેહુલ દવે તાજેતરમાં નિવૃત્ત થયા છે. જેના કારણે આ મહત્વની જગ્યા હાલ ખાલી છે અને અન્ય અધિકારીને તેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. તેવી જ રીતે અમદાવાદના કલેકટર સુજીતકુમાર ની સચિવ તરીકે બઢતી થયા બાદ તેમની બદલી હવે લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. આ બંને મુખ્ય શહેરોમાં નવા કલેકટરોની નિમણુંક વહિવટી દ્રષ્ટીએ મહત્વની બની રહેશે. જયારે સુરેન્દ્રનગરના કલેકટર રાજેન્દ્ર પટેલ સસ્પેન્ડ થતા તે જગ્યા પણ ખાલી પડી છે. રાજકીય અને વહિવટી વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ રાજયના ૧૫ થી વધુ કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની બદલીની યાદી તૈયાર હોવાનુ મનાય છે. આ યાદીમાં અનેક સીનીયર અધિકારીઓનો સમાવેશ થઈ શકે છે. લાંબા સમયથી એક જ જિલ્લામાં ફરજ બજાવતા અધિકારીઓને અન્યત્ર ખસેડીને ચુંટણી અગાઉ વહિવટી તંત્રને સજજ કરવામાં આવશે. ચુંટણી અગાઉના આ સંભવિત ફેરબદલને કારણે વહિવટી આલમમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. સરકાર આ બદલીઓ દ્વારા વહિવટી પ્રક્રિયામાં નવી ઉર્જા લાવવા અને ચુંટણીલક્ષી તૈયારીઓને આખરી ઓપ આપવા માંગતી હોય તેવુ જણાય છે.

# કમિટી ટુ પ્રોટેક્ટ જર્નાલિસ્ટ (CPJ)ના રિપોર્ટ મુજબ સને ૨૦૨૫ માં વિશ્વભરમાં માર્યા ગયેલા ૧૨૯ પત્રકારોમાંથી બે તૃતીયાંશ માટે ઈઝરાયેલ જવાબદાર??

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

વિશ્વભરમાં સશસ્ત્ર સંઘર્ષો જ્યારે ઐતિહાસિક સ્તરે પહોંચ્યા છે ત્યારે પત્રકારોની હત્યાના આંકડાએ પણ અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ન્યૂયોર્ક સ્થિત કમિટી ટુ પ્રોટેક્ટ જર્નાલિસ્ટ (CPJ) ના તાજેતરના અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૫ માં કુલ ૧૨૯ પત્રકારો અને મીડિયાકર્મીઓએ જીવ ગુમાવ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે આ કુલ મૃત્યુમાંથી બે તૃતીયાંશ એટલે કે ૮૬ પત્રકારોના મોત માટે માત્ર ઈઝરાયેલ જવાબદાર છે. છેલ્લા ત્રણ દાયકા થી રેકર્ડ રાખતી આ સંસ્થાએ પત્રકારો માટે ગત વર્ષને સૌથી ઘાતક ગણાવ્યું છે. અહેવાલ અનુસાર ઈઝરાયેલ ધ્વારા ખાસ કરીને પેલસ્ટિની પત્રકારોને નિશાન બનાવવામાં આવ્યા છે. કુલ ૮૬ મૃત્યુમાંથી ૬૦% થી વધુ પત્રકારો ગાઝામાં રિપોર્ટિંગ કરી રહ્યા હતા. CPJ એ નોંધ્યું છે કે યુદ્ધમાં રિપોર્ટિંગ જોખમી હોય છે. પરંતુ ઈઝરાયેલ દ્વારા પત્રકારોને જાણીજોઈને અને ગેરકાયદેસર રીતે નિશાન બનાવવાની નવી પધ્ધતિ અપનાવવામાં આવી છે. ઉપરાંત આ સંસ્થા CPJ ધ્વારા ૧૨૯ માંથી ૪૭ એવા કિસ્સાઓ ડોક્યુમેન્ટ કરાયા છે જ્યાં પત્રકારોની તેમના કામના કારણે જ હત્યા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૩ માં ડ્રોન દ્વારા માત્ર બે પત્રકારોના મોત થયા હતા.જે વર્ષ ૨૦૨૫ માં વધીને ૩૯ થઈ ગયા છે. આ ૩૯ માંથી ૨૮ ડ્રોન હુમલાઓ માટે ઈઝરાયેલી સેના જવાબદાર હતી. આ સિવાય રશિયા, સુદાન અને તુર્કી દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલાઓમાં પણ આંતરરાષ્ટ્રીય પત્રકારોએ જીવ ગુમાવ્યા છે.

CPJ ના સીઈઓ જોડી ગિન્સબર્ગે જણાવ્યું હતું કે ''મીડિયા પરના હુમલા એ અન્ય સ્વતંત્રતાઓ પરના હુમલાનો સંકેત છે. જ્યારે પત્રકારો સમાચારો આપવા બદલ માર્યા જાય છે ત્યારે આપણે સૌ જોખમ મા હોઈએ છીએ.'' માત્ર યુધ્ધગ્રસ્ત વિસ્તારોમાં જ નહીં પરંતુ લોકશાહી દેશોમાં પણ પત્રકારો સુરક્ષિત નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં ભ્રષ્ટાચારની તપાસ કરી રહેલા ફીલાન્સ પત્રકાર મુકેશ ચંદ્રાકરનો મૃતદેહ સેપ્ટિક ટેક્ન માંથી મળી આવ્યો હતો. મેક્સિકોમાં છ અને ફીલીપાઈન્સ માં ત્રણ પત્રકારોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઉપરાંત સઉદી અરેબિયા દ્વારા જાણીતા કટાર લેખક તુર્કી અલ જાશેર ને રાજદ્રોહના આરોપસર ફાંસી આપવામાં આવી હતી. જ્યારે રિપોર્ટ મુજબ ભારત અને મેક્સિકોમાં છેલ્લા દસ વર્ષથી દર વર્ષે ઓછામાં ઓછા એક પત્રકારની હત્યા થાય છે. આથી અહેવાલના અંતે ચેતવણી આપવામાં આવી છે કે પ્રેસની સ્વતંત્રતામાં ઘટાડો એ લોકશાહીના પતનની શરૂઆત છે.

### ખેર જાતિ પર લાગેલા શ્રાપથી બચવા

# રાજસ્થાનના બાંસવાડામાં ૫૦૦ વર્ષ જૂની પરંપરા આજે પણ ચાલી રહી છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

રાજસ્થાનના બાંસવાડાના બડોદિયા ગામના મુખિયાનું કહેવું છે કે ૯૦ વર્ષ પહેલા વરસાદને કારણે આ પરંપરા નહોતી નિભાવવામાં આવી. એના લીધે એ વર્ષે ગામમાં દુષ્કાળ પડયો હતો અને ૨૦૦ થી વધુ દુધાળા પશુઓનું અચાનક મૃત્યુ થઈ ગયું હતું. બસ એ પછી ગ્રામ વાસીઓએ કદી આ પરંપરામાં ચૂક ન થાય એનું ધ્યાન રાખવાનું શરૂ કર્યું છે.

શું છે એ જૂની પરંપરા? રાજસ્થાનના બાંસવાડામાં ૫૦૦ વર્ષ જૂની એક ખોફનાક પરંપરા આજે પણ ચાલે છે. જ્યાં અડધી રાત્રે બે માસુમ બાળકોને હોળી પહેલાંની મધરાતે પરણાવી દેવામાં આવે છે અને એના જ અનુસંધાને આ હોળીમાં પણ અડધી રાત્રે બે માસુમ બાળકોના વિવાહ કરાવાયા હતા.

ગ્રામજનોનું માનવું છે કે જો આ લગ્ન ન કરાવવામાં આવે તો ગામ પર ખેર જાતિ પર લાગેલો ૫૦૦ વર્ષ જૂનો શ્રાપ સાચો પડશે. એ શ્રાપ અંતર્ગત દસકા પહેલા સેંકડો પશુઓના જીવ ગયા હતા. બડોદિયા નામના ગામમાં હોળીની પૂર્વ સંધ્યાએ જો આ પરંપરા ના નિભાવવામાં આવે તો એ શ્રાપ સાચો પડી જવાનો ભય આજે પણ લોકોમાં છે. આ વખતે પણ ગામના મુખિયા નાથજી પટેલે ચૂન્નું અને મુન્નું નામના બે કિશોરોના લગ્ન કરાવ્યા હતા. તેમને અડધી રાતે એક વાગ્યે ઊંઘમાંથી ઉઠાડીને જ્યારે લગ્નની વેદી પાસે લાવવામાં આવ્યા ત્યારે ચુન્નું અને મુન્નું બંનેએ દુલ્હો બનવાની જીદ પકડી હતી.

જોકે પંચો અને લગ્ન કરાવનાર સ્વામી મહારાજે સમજાવીને ચૂન્નુંને દુલ્હો બનાવ્યો અને મુન્નું ને દુલ્હન બનાવવામાં આવ્યો. આખરે વૈદિક મંત્રોચ્ચાર સાથે સિંદૂરની રસમ અને મંગળસૂત્ર પહેરાવવાની વિધિ પણ થઈ હતી.

આમ આ લગ્નની વિધિ ભલે સાચી હોય પરંતુ એ લગ્નને સાચા માનવામાં આવતા નથી. જ્યારે આ વખતે સમાજ સુધાર માટે લોકોએ લગ્નની વેદીની આગમાં ગુટકા, બીડી, સિગારેટ અને તમાકુના ઉત્પાદનોને પણ હવનકુંડમાં નાંખીને એનાથી મુક્ત થવાની મનોકામના કરી હતી.

# સાણંદમાં ટાટા મોટર્સનુ ઉત્પાદન ૫૦ ટકા ઘટશેઃ યુદ્ધને લઈ રાજયના કામદારો બનશે બેકાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના સાણંદમાં સેમી કંડકટર પ્લાન્ટ એક નવા યુગ ની શરૂઆત કરી રહ્યો છે. ત્યારે ચિંતાજનક સમાચારો પ્રાપ્ત થયા છે. સાણંદ પ્લાન્ટમાં ટાટા મોટર્સે તેના વાહન ઉત્પાદનમાં ૫૦ ટકા ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. ટાટા મોટર્સની આ જાહેરાતથી ગુજરાતમાં નોકરીઓ પર નોંધપાત્ર અસર પડશે, વૈશ્વિક મંદીનો ભય છે તો બીજી તરફ ઈરાન ઈઝરાયેલ અને યુનાઈટેડ સ્ટેટસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધે પરીસ્થિતિ વધુ ખરાબ કરી છે. ઘણા રોકાણકારો અને ઉદ્યોગોને અસર થઈ છે. જેમાં ગુજરાતને મોટો ઝટકો લાગ્યો છે. સુત્રોના જણાવ્યા અનુસાર બજારમાં પુરવઠા અને માંગ ની સ્થિતિ ઉલ્ટી થઈ ગઈ છે. જેના કારણે ટાટા મોટર્સે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કંપની તેના સાણંદ સ્થિત પ્લાન્ટમાં ઉત્પાદન અડધુ




અથવા ૫૦ ટકા ઘટાડવાની યોજના બનાવી રહી છે. ગુજરાતના સાણંદ ખાતે આવેલા ઉત્પાદન પ્લાન્ટમાં પેસેન્જર વાહન વિભાગના ઉત્પાદન પર અસર જોવા મળી રહી છે. મળતી માહિતી અનુસાર પ્લાન્ટમાં ઉત્પાદન લગભગ ૫૦ ટકા સુધી ઘટાડવામાં આવ્યુ છે. આ ઘટાડાનો સીધો પ્રભાવ પેસેન્જર વાહન વિભાગ પર પડયો છે. ગુજરાત સ્થિત આ સાણંદ ઉત્પાદન પ્લાન્ટમાં હાલ પરીસ્થિતિ મુજબ કામગીરી ચાલુ રાખવામાં આવી રહી છે. પરંતુ ઉત્પાદન ક્ષમતા અગાઉની સરખામણીએ અડધી થઈ ગઈ હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

ઓટોમોબાઈલ ક્ષેત્રે નોંધપાત્ર મંદીનો અનુભવ કર્યો છે. જેના કારણે સપ્લાય ચેઈન અને બજાર માંગ પર અસર પડી છે. એજન્સીના અહેવાલ મુજબ બજાર માંગ માં નોધપાત્ર ઘટાડો થયો છે. તેથી ટાટા મોટર્સ તેની સાણંદ ઉત્પાદન સુવિધામાં ઉત્પાદન ક્ષમતા ઘટાડવાની યોજના બનાવી રહી છે. ઓટોમોટીવ ઉત્પાદકનો પેસેન્જર વાહન વિભાગ તેના ગુજરાત સ્થિત સુવિધામાં ૫૦ ટકા સુધી ઉત્પાદન ઘટાડી શકે છે. આ ઉત્પાદન ઘટાડાથી ગુજરાત સ્થિત ઉત્પાદન પ્લાન્ટમાં પેસેન્જર વાહન વિભાગની કામગીરી પર અસર પડશે. જે ઓટોમોટીવ ઉત્પાદક માટે એક મુખ્ય ઓપરેશનલ ગોઠવણ હશે. ચોકકસ ઉત્પાદન સ્થાન પર કંપનીની ઉત્પાદન ક્ષમતામાં એક મહત્વપૂર્ણ ઓપરેશનલ ફેરફાર હશે. સાણંદ પ્લાન્ટ ટાટા મોટર્સ ના પેસેન્જર વાહન કામગીરી માટે મુખ્ય ઉત્પાદન કેન્દ્ર તરીકે સેવા આપે છે. અહેવાલમાં જણાવાયુ છે કે આ સ્થાન પર ઉત્પાદન ગોઠવણ કંપનીની ઉત્પાદન વ્યુહરચનાને અસર કરતા મહત્વપૂર્ણ ઓપરેશનલ નિર્ણય સુચવે છે. આ વિકાસ ઓટોમોટીવ ઉત્પાદન એકમ દ્વારા વ્યુહાત્મક ઓપરેશનલ ગોઠવણના ભાગરૂપે આવે છે. જો કે ઉપલબ્ધ અહેવાલો હજુ સુધી ઉત્પાદન કાપ અને તેના ચોકકસ કારણો વિશે વિગતો પ્રદાન કરતા નથી.

### કારમી મોંઘવારીના જમાનામાં એનએચએમ ના કર્મચારીઓને છેલ્લા બે મહિનાથી પગાર ન મળતા રોષ

# આરોગ્ય વિભાગના નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) માં કામ કરતા કર્મચારીઓનો પગાર ચુકવવા સરકાર પાસે નાણાં નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર ના આરોગ્ય વિભાગ હેઠળ ના નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) ગ્રાન્ટના અભાવે ડચકા ખાઈ રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે. કારણ કે સરકાર પાસે નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) માં કામ કરતા કર્મચારીઓના પગાર છેલ્લા બે મહિનાથી કરવામાં ન આવતા કર્મચારી આલમમાં નારાજગી વર્તાઈ જવા પામી છે.

નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) માં કામ કરતા કર્મચારીઓનો છેલ્લા બે મહિનાથી પગાર ન મળતા હાલમાં કારમી મોંઘવારીમાં ઘરનુ ગુજરાન કેવી રીતે ચલાવવુ, બાળકોની ફી, મકાનના ભાડા તેમજ મકાનની લોનના હપ્તા ભરવા સહિત ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સરકારી તાયફાઓ પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કરતી રાજય સરકાર પાસે નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) માં કામ કરતા કર્મચારીઓ માટે સરકાર પાસે પુરતી ગ્રાન્ટ નથી ? રાજયની અલગ અલગ જિલ્લા પંચાયતો તેમજ વડી કચેરીઓમાં લાખો ની સંખ્યામાં નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) માં કામ કરતા કર્મચારીઓ છેલ્લા બે મહિનાથી પગાર માટે વલખાં મારી રહ્યા છે.

સરકાર માત્ર ને માત્ર સોફટવેર બદલ્યુ છે તેવા ગુણગાન ગાઈ બહાના કાઢી કર્મચારીઓને પગાર આપવામાં વિલંબ કરવામાં આવતા કર્મચારી આલમમાં ભારે રોષ ભભુકી ઉઠયો છે.

# બોડેલી પોલીસે સંખાંદ્રા ગામની સીમમાંથી લાખોનો વિદેશી દારૂ ઝડપ્યોઃ કારચાલક ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)બોડેલી

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે છોટા ઉદેપુરની બોડેલી પોલીસે એક મોટી સફળતા મેળવી છે. પોલીસે બાતમીના આધારે સંખાંદ્રા ગામની સીમમાંથી કારમાં લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. આ કામગીરી દરમિયાન પોલીસે દારૂ અને કાર સહિત કુલ ૧૦.૫૬ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

બોડેલી પોલીસની ટીમ તાંદલજા બીટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસને સચોટ બાતમી મળી હતી કે એક સફેદ રંગની કારમાં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે સંખાંદ્રા ગામની સીમમાં તળાવ પાસે વોચ ગોઠવી શંકાસ્પદ કારને અટકાવી હતી. પોલીસે કારની તપાસ કરતા અંદરથી ગુપ્ત રીતે છુપાવેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. વિદેશી દારૂની કુલ ૯૬૦ બોટલ સહિત કાર અને દારૂ મળીને કુલ ૧૦,૫૬,૫૬૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.પોલીસ કાર્યવાહી દરમિયાન કારચાલક અંધારાનો કે ભીડનો લાભ લઈને સ્થળ પર જ કાર મૂકીને ફરાર થઈ ગયો હતો. બોડેલી પોલીસે હાલ કારચાલક સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે.